॥ श्री रवीभाण विजयते ॥

॥ ॐ ॥

चंद्र सूर्य तत्वज्ञान पद.

સંશોધક તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

સાધુ કાશીરામ ગુરૂ શ્રીરાધીકાદાસજી.

શ્રી રવી ગુરૂભાણ સ[illegible]ય—આચાર્યસ્વામી.

મુકામ શેરખી—પ્રાંત વડોદરા.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૧.—સને ૧૯૧૫.

અમદાવાદ.

રીચીરોડના પૂલ નીચે આવેલા "શ્રી જૈન વિદ્યાવિજય"

પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

કિંમત અમુલ્ય. (ફ્રી)

॥ ॐ श्री गुरु रवीभांण वीजयते: ॥

॥ ॐ श्री परमात्माय नमः ॐ तत् सत्: ॥

॥ अथ श्री ॥

ચંદ્ર સૂર્ય તત્વજ્ઞાન.

સલોખો-રાગ ચોપાઇ.

પરથમ સમરૂ સદ્‌ગુરૂ દેવ, નીજ અમરત રસ વાણી અભેવ;
લોહરવંશ પ્રગટે ભાણુ દયાલ, જ્ઞાન ચકવે ભગત ભુપાળ. ૧
સોહાએ સદગુરૂમે રાંમ મેરા, અખંડ જ્ઞાન મટયો અંધેરા;
સદગુરૂએ દીધી બ્રહ્મની કુંચી, ખોલી કપાટ સુરતા ચડી ઉંચી. ૨
સરસ્વતીને નમાવું શીષ, સંત સંગતે ઓળખ્યા જુગદીશ;
સુરીનર મુનીજન કષ્ટ કરે છે, સાધન સાધી યોગ ધરે છે. ૩
સદગુરૂનો દેશ તે સૌથી ન્યારો, નીગમ અગમ તે નવ લહે પ્યારો;
યોગી યોગ કરીને થકીઆ, હું હું કરી અભિમાને બકીઆ. ૪
જંગમ જગતમાં ફરે અહંકારે, ભેખ ભલો પણ તરે ના તારે;
શેવડે સાર વસ્તુ ના ચીની, જીવ જીવ કરે સુરતન જીલી. ૫
મુળથી નવ લહે માલમ મર્મ, લોભે લેવાણો જાણે નહીં ધર્મ;
શાવક ધર્મ ચલાવ્યો. નીકે, આપ જાણ્યા વિના લાગત ફીકે. ૬

સન્યાસી ભુલ્યા જટા વધારી, ઘર બાંધી કરે વણુજ વેપારી;
સરવ સન્યાસનો જાણ્યો નહી ભેદ,આતમ ઓળખ્યા નહી એમ કહે વેદ.
દરવેશે દરહયાલના જાણ્યા, અલ્લા ખોદાકા મર્મ ના પીછાણ્યા;
અમથા પોકારે અલ્લા ખોદાઈ, ઘટમાં સજીવન વસ્તુ ના પાઇ. ૮
બ્રાહ્મણ ભુલ્યા પાખંડ પેડે, છોડી બ્રહ્મવિદ્યા ને પૃથ્વીને ખેડે;
ગાયત્રી ચૈતન થઇ નવ સાધી, આઠે પોહોર કરે ઉપાધી. ૯
દરશન ખટ શાસ્ત્ર ભાઇ, ઘટ ખોળ્યા વીના મુળ ગમાઇ;
બાર પંથ ઓર છત્રી છનું, બાહેર અથડાવે ગટ સુરીવતુ. ૧૦
શીષ્ય સેવક અને સ્વામીને દાસ, લોભે લેવાણુા વિના વિસ્વાસ;
ગુરૂ ચેલા ઓર શેવક સ્વામી, આનંદે ઓળખ્યા અંતરજામી. ૧૧
શેશ મહેન્દ્ર સનકાદીક નામુ, તીનહી વસ્યા આશ્રી સુન્ય ગામુ;
બ્રહ્મા વિષ્ણુએ કરી અરદાસ્યા, તેની ગતી છે ચોથે પદવાસ્યા. ૧૨
પરથમ ઉનહી પવન સાધ્યો, ઉલટ ગ્રહી મુળ કમળ બાંધ્યો;
ત્યાં વસે છે ગણપતિ દેવા, ચાર પાંખડી કમળ અભેવા. ૧૩
લીલ વરણ ત્યાં રીદ્ધ સિદ્ધ શક્તિ, જાપ છશે તાંહાં યોગની યુક્તિ;
મથન કમળ જે આ પરકાસી, જળી વાસના સરવ તપાસી. ૧૪
બ્રહ્મા શાવીત્રી ખટદળમાંહી, ખટ સહસ્ત્ર જાપ તે ગ્રહી;
ચાલી સુરતા ના રહી સ્થંભી, નીરભે ચડી જ્યાં દશદળ નાભી.૧૫
કપીલ વરણુ ત્યાં વીષ્ણુકુમારા, માહા પ્રેમ ત્યાં ઉઠે ફુવારા;
ખટ હજારા ત્યાં જાપ કરહી, વીરલા સાધુ ત્યાં સુરત ધરહી. ૧૬
ચલીયા પવન સુરતી સમેતા, દુવાદશ શીવજી બેઠા અજીતા;
હૃદયકમળમાં જ્યોત જગાઇ, ખટ હજાર જાપ ત્યાં કરહી. ૧૭
સોળ કમળ કંઠ નીવાસા, ત્યાં ચડે કોઇ વિરલા દાસા;
જીવ રહે ત્યાં શક્તિ અજ્ઞાના, તે ધડ જીતે કોઇ સંત સુજાણુા.૧૮

ત્યાં ફરે છે સહસ્ત્ર અજંપા, ફરે તેને કાળને જંપા;
ત્યાં થકિ વીરલા સુરા થઇ ચડીયા, બત્રીસ પાંખડીએ કમળ મળીયા.
ગંગા જુમનાં બીચ સરસ્વતી, ત્યાં બેઠા કોઇ મોટા માહા જતી;
આશન વાળી બેઠા માહા! મુની, મોરલી મધુરી મધુરી સુણી. ૨૦
ત્યાંથી સુરતી સંચરી ભાઇ, દો.બીચ ભમર સોધ દરસાઇ;
સહસ્ત્ર એક અજંપા હોઇ, માહા રસ પીવે વીરલા કોઇ. ૨૧
ભમર ગુફામાં બીરાજે હંસા, સોહામણુ સંત પુરૂષ હંસા;
આગે સહસ્ત્રકમળ અનુપા, તુરીયાતીત અધવીત રુપા. ૨૨
પ્રગટ જોતી ત્યાં પ્રેમ પ્રકાશા, સહસ્ત્ર એક અજંપા સ્વાસા;
માહા મુની ત્યાં ત્રીભોવન રાઇ, ત્યાં દરશન કરે દેવતાઇ. ૨૩
બ્રહ્મા વીષ્ણુ માહેશ્વર યોગી, દરસન કરે ત્યાં ગાંધ્રવ બીલોકી;
એટલા લગી તો હુંહુંના ખેલ, તેની ઉપર સેજ સુન મેહેલ. ૨૪
સેજ સ્વરુપ છે એ આનંદસ્વામી, સંત પંાંચ્યા તેની વાસના વામી;
તે ઉપર હે ધામ હમારા, હેઠે રહ્યા સો યોગ પસારા. ૨૫
સીર ગુણ નીરગુણ કેવાયા નહી, તે સ્થાનક કોઇ સંત સમાહી;
પ્રગટ સ્વરુપ છે સરજનહારા, મેં તો મેં સો દેખનહારા. ૨૬
નખ સીખ ખોલ કર્યા નીરવેડા, મેતે ભરમના મટી ગયા ભેડા;
તીન દેવ ઓર તેત્રીસ ક્રોડ, ઉન પદથી સબ રહી ગયા ઓર. ૨૭
તત્વ તપાશી દેખો જો આરશી, એ ગત માલમ તત્વ દરશી;
આપમાં આપ કીયા બીચારા, ઓર કહે સો બડા ગમારા. ૨૮
રવીદાસ રમતા રામ કબીરા, વસ્તુ રુપે સંત જાણે શરીરા;
હું નહી તે નહી જાત ન ભાતી, આપું બોલ્યા એ આપ સુજાતી. ૨૯
સુજાતી વીજાતી મહી ન ન્યારા, રવી બોલ્યા એ રમણ હમારા;

સાખી.

નીરાકારકે પારહે, તાપર ધામ હમાર;
રવીદાસ અમર ધામમાં, સેજ નીલાયા તાર. ૧
રરંકારકે રુપસે, ભયા રવીકા હંશ;
કીયા જાણુ કબીરહે, કે કબીરકા અંશ. ૨

ખટચક્રનું કોષ્ટક..

ક.	પાં.	જાપ.	ઘડી	મી.	દેવ.	પલ.
મુલ	૪	૬૦૦	૧॥	૪	ગણુપતી	૦॥
લીંગ	૬	૬૦૦૦	૧૬॥	૪	બ્રહ્મા	
નાભી	૧૦	૬૦૦૦	૧૬॥	૪	વીશ્નુ	
હ્રદે	૧૨	૬૦૦૦	૧૬॥	૪	સીવ	
કંઠ	૧૬	૧૦૦૦	૨॥॥	૦	જીવ	૧॥
બ્રહ્મરંધ્ર	૧૦૦૦	૧૦૦૦	૨॥॥	૦	શક્તી	૧॥
ત્રીકુટી	૨	૧૦૦૦	૨॥॥ ૦॥॥	૦	નીરંજન	૧॥
૭	૧૦૦૦ ૫૦	૨૧૦૦ ૦૬૦૦	૬૦	૧૬	૭	૫

દુહા.

સદગુરૂકી દયા ભઈ, દીયા સરોદય જ્ઞાન;
જબ એહી જાણુ પડી, લાભ હોય કે હાણુ.
ભેદ સરોદય સો લહે, જો સમજે શ્વાસ નિશ્વાસ;
ભલી બુરી તામે લહે, પવન સુરમાં મન જાસ.

ચોપાઇ.

પાંચ તત્વ આવે ઓર જાઈ, ઘટકા ભેદ કહુ સમજાઈ;
તત્વ તત્વકા ભેદ હે ન્યારા, ચંદ્ર સૂરતાકો સરદારા.

દુહા.

સર્વ યોગ કો યોગ હે, સર્વ જ્ઞાનકો જ્ઞાન;
સર્વ સિદ્ધકો સિદ્ધ હે, તત્વ સરોદય ધ્યાન.
ચિત્ત અપનો સ્થિર કરી, નાસા આગે નેણુ;
શ્વાસા દેખે દષ્ટસેં, તબ પાવે સુખ ચેન.

ટીકા:—આ દેહમાં બોતેર હજાર નાડી છે, બોતેર હજારમાં ૨૪ નાડી મુખ્ય બડી છે. તેનાં નામ ઓર સ્થાન કહું છું.

॥ श्लोक. ॥

इंडा वामे स्थिता भागे पींगला दक्षिणे स्मृता ।
तुगंधारी वामचक्षु मध्य देशे सुषुमण प्रवृता ॥

ટીકા:—ઈંગલા નાશાની ડાબા ભાગમાં, પીંગલા જમણા ભાગમાં અને સુષુમણા મધ્ય દેશમાં રહેલી છે. અને ગંધારી ડાબી આંખમાં, પુનઃ જમણી આંખમાં, હસ્તની અને જીભ્હા જમણા કાનમાં, પુનઃ પુષા ડાબા કાનમાં અને મુખમાં અલંબીકા અને

લીંગમાં કુહુ, પુનઃ ગુદામાં શંખની. આ દેહમાં ઉપર જણાવેલી દશ બડી છે.

॥ श्लोक ॥

हरदे प्राणो मपानोगुदा मंडले समानो नाभितु ।
उदान कंठ मध्ये व्यानो व्यापी शरीरे नागकुर्म ॥
क्रकल देवदत्तो धनंजय प्रध्यान दश वायु वरानने ।

ટીકાઃ—હૃદયે પ્રાણ નાડી છે, ગુદા સ્થાને અપાન નાડી છે, નાભી સ્થાને સમાન નાડી છે, કંઠ સ્થાને ઉદાન નાડી છે, શરીર સ્થાને વ્યાન નાડી છે, પ્રાણ વાયુ પંચમુખી હે. નાગ વાયુ પંચમુખી હે, નાગ વાયુ ઘ્રાણે વસે, કુર્મ વાયુ ચક્ષુ વસે, ક્રકલ વાયુ ત્વચા વસે, દેવદત મુખમાં વસે, કરણ વિષે ધનંજય વસે. આ ચોવીસ નાડી હે.

ચોવીસમાં ઉપર બતાવેલી દશ મોટી છે, દશમાં પાંચ બડી હે. પાંચ પ્રાણમાં રહેલી છે. પાંચમાં ત્રણ બડી હે, એ ત્રણનાં નામ કહું છું. ઇંગ્લા, પીંગ્લા, સુષુમણા.

ઈંગ્લાનો સ્વામી ચંદ્રમા છે, પીંગલાનો સ્વામી સૂર્ય છે. સુષુમણાનો સ્વામી શીવ છે. સુષુમણા કાલરૂપ છે. સર્વેકા નાશ કરનેવાલી હે.

ચંદ્રમામાં શુભ કામ કરવું સ્થિર થાય છે. અને સૂર્યમાં ચળ કામ કરવું તે ચર થાય છે. સુષુમણામાં કંઇ કામ ન કરવું, માત્ર ભજન કરવું, દાન કરવું એમાં ઉત્તમ છે. વર્ણ—સુર્ય શ્વેતવર્ણું અને ચંદ્રમા ગોરો જાણવો. ચંદ્રમા સ્ત્રી છે, સૂર્ય પુરૂષ છે.

દુહા.

પીંગ્લા દહને અંગ હે, ઈંગ્લા બાંવે હોય,
સુક્ષ્મણા તાકે બીચ હે, જબ સૂર ચાલે દોય.
જબ સૂર ચાલે પીંગ્લા, તા મધ્યે સૂયકે વાસ,
ઈંગ્લા બાંવે અંગ હે, ચંદ્ર કરે પ્રકાશ.
ચંદ્ર વહેતાં ચાલીજે, સૂર્ય કરે પ્રવેશ;
જાતી લક્ષ્મી બાહુ એ, ગુરૂ તણો ઉપદેશ.

ટીકા—ગામ ચાલતાં ચંદ્ર શુભ છે અને સૂર્યમાં પ્રવેશ કરવો કામ શુભ થાય; શુભ કામમાં ચંદ્ર ભલો છે. અશુભ કામમાં સૂર્ય ભલો છે. સુક્ષ્મણામાં કશું કામ ન કરવું. ભજન તથા ધ્યાન કરવું, સ્થિર કારજકો ચંદ્ર હે. પુનઃ ચંદ્ર લક્ષણ કહું છું.

જાત્રા કરવી, દાન કરવું, વિવાહ કરવો, વસ્ત્ર ઘરેણાં પહેરવાં, ઘરમાં પ્રવેશ કરવો, કુવા, વાવ ખોદાવવાં, દેવ સ્થાપન પ્રતિષ્ઠા કરવી, ખેતી બીજ વાવવાં, વેપાર કરવો, દેવ, સાધુ દર્શન કરવાં, સરવે ઉત્તમ કામ કરવાં. ચરકા કારજકો સૂર્ય હે. સૂર્ય લક્ષણ કહું છું.

શાસ્ત્ર અભ્યાસ કરવો, વાદવિવાદ કરવો, શિકાર ખેલવો, ચોરી કરવી, અનાજ લેવું, હાથી, ઘોડા લેવા, સ્વારી કરવી, ભોજન, મૈથુન કરવું, ભૂત પ્રેત મંત્ર સાધવો, સમુદ્રમાં ઝાઝ નાખવું, સરવે ચળ કામ સૂર્યમાં કરવું. સુક્ષ્મણામાં કંઇ કામ કરવું નહિ, માત્ર ભજન ધ્યાન કરવું ઉત્તમ છે.

દુહો.

કૃષ્ણ પક્ષ જબહી લગે, જાય મીલે ત્યાં ભાણ;
શુકલ પક્ષ હે ચંદ્રકો, એ નિશ્ચે કરી માન.

ટીકાઃ—શુક્લ પક્ષનો સ્વામી ચંદ્રમા છે. પડવો, બીજ, ત્રીજ ચંદ્રની છે. ચંદ્ર શુભ છે અને સૂર્ય તે દિવસોમાં અશુભ છે. ચોથ, પાંચમ, છઠ એ સૂર્યની છે. તે દિવસોમાં સૂર્ય શુભ છે. અને ચંદ્ર અશુભ છે. સાતમ, આઠમ, નોમ ચંદ્રની છે. ચંદ્ર શુભ છે ને સૂર્ય અશુભ છે. દશમ, અગીઆરશ, બારશ એ સૂર્યની છે. તે દિવસે સૂર્ય શુભ છે. અને ચંદ્ર અશુભ છે. તેરશ, ચૌદશ, પુનમ ચંદ્રની છે. તે દિવસે ચંદ્ર શુભ છે. ને સૂર્ય અશુભ છે. કૃષ્ણ પક્ષકો સ્વામી સૂર્ય છે. પડવો, બીજ, ત્રીજ એ સૂર્યની છે. સૂર્ય શુભ છે. ને ચંદ્ર અશુભ છે. ચોથ, પાંચમ, છઠ એ ચંદ્રની છે. ચંદ્ર શુભ છે, ને સૂર્ય અશુભ છે. સાતમ, આઠમ, નોમ એ સૂર્યની છે. સૂર્ય શુભ છે અને ચંદ્ર અશુભ છે. દશમ, અગીઆરશ અને બારશ એ ચંદ્રની છે, ચંદ્ર શુભ છે અને સૂર્ય અશુભ છે. તેરશ ચૌદશ અને અમાંસ સૂર્યની છે. સૂર્ય શુભ છે, ચંદ્ર અશુભ છે.

દુહો.

શુક્ર પક્ષકી આધ હૈ, તીન દીન લગ ચંદ્ર,
ફીર સૂર્ય હે ફીર ચંદ્ર હે, ફીર સૂર્ય હે ફીર ચંદ્ર હે.
કૃષ્ણ પક્ષકે આધહી, તીન દીન લગ સૂર્ય હે,
ફીર ચંદ્ર હે ફીર સૂર્ય હે, ફીર ચંદ્ર હે ફીર સૂર્ય હે.
સૂર્યકી તિથિમાં ચલે જો સૂર્ય પ્રકાશ;
સુખ દેહિકો કરત હે, હોય લાભ ઉલાસ.
ચંદ્રકી તિથિમાં ચલે, જો ચંદ્ર પ્રકાશ,
સુખ દેહિકો કરત હે, હોય લાભ ઉલાસ.

શુકલ પક્ષકી તિથિમાં, ચલે જો પડવાકે ભાણુ,
હોય કલેશ પીડા કષ્ટુ, હોય દુઃખકે હાણુ.
કૃષ્ણ પક્ષકી તિથિમાં, ચલે જો પડવાકો ચંદ્ર,
હોય કલેશ પીડા કષ્ટુ, હોય દુઃખ તાપર દ્વંદ્વ.

અથવા ૨ ભેદ—સોમ, બુધ, ગુરૂ, શુકર, એ ચંદ્રમાના વાર છે. રવી, મંગળ, શનિ, એ સૂર્યના વાર છે.

દુહો.

મંગળ ઓર આદિત દિન, અરુ શનિચર લીન,
સૂર્યકો તીનુ મીલત હે, સૂર્યકે દિન તીન.
સોમવાર શુક્ર ભલો, બુધ બ્રહસ્પતિ દેખ;
તિથિ વાર વિચાર કરી, દહને બાંવે પેખ.

પ્રદેશ પરિક્ષા.

ચંદ્ર સૂરમાં જો ચલે, દક્ષિણ પશ્ચિમ દેશ,
સુખ સંપતિ આનંદ કરે, જો જાય પરદેશ.
સૂર્ય સૂરમાં જો ચલે, પૂર્વ ઉત્તર દેશ;
સુખ સંપત્તિ આનંદ કરે, જો જાય પરદેશ.

श्लोक.

वामा चार प्रवाहे तुन गच्छेत् पूर्व उत्तरे ।
परी पंथे भय तस्य गतोऽसौ निवर्तेत ॥

ટીકા—શંકર કહે-વામ નાડી પ્રચારમાં પૂર્વ ને ઉત્તરમાં ન જવું, જમણી નાડીના પ્રચારમાં દક્ષિણ. અને પશ્ચિમમાં ન જવું.

श्लोक.

क्षण वामे क्षण दक्षिणे यदा वहति मारुतः ।
सुक्ष्मणासा च विज्ञेया सर्व कार्य हराः स्मृताः

ટીકા—શંકર કહે-ક્ષણવારમાં વામ ભાગે, ક્ષણવારમાં દક્ષિણ ભાગે ચાલે તો એ સુક્ષ્મણા નાડી છે. સર્વ કાર્યને હરવા વાળી છે.

દુહા.

ઉપર આંવૈ સામને સૂર્ય કે સંગ,
જો કોઇ પૂછે શશી યોગમાં તો નીકો પ્રસંગ.
નીચે પીછે દાહિને સૂર્ય સૂરકે રાજ;
જો કોઈ પૂછે આય કે સીધે સરવે કાજ.
ઉંચે સન્મુખ વામહિ ચંદ્ર કરે પ્રકાશ,
જો કોઇ પૂછે આયકે તો પાવે સુખવાસ.

ટીકા—ચંદ્રમાં પ્રશ્ન પૂછે અને ભાષા એકી હોય તો કારજ સિદ્ધ ન હોય અને બેકી હોય તો સિદ્ધ હોય.

સૂર્યમાં પ્રશ્ન પૂછે અને ભાષા બેકી હોય તો કાર્ય સિદ્ધ ના હોય અને ભાષા એકી હોય તો સિદ્ધ હોય.

ચંદ્રમાં ડાબો પગ આગળ લેવો અને સૂર્યમાં જમણો પગ આગળ લેવો.

દુહો.

દહને અંગ સૂર ચલે પૂછે વામે અંગ,
શુકલપક્ષ નહિ વાર હે તો નીકો પ્રસંગ.
જો ચંદ્રમાં સૂર ચલે આવી પૂછે કોઇ,
તિથિ વાર અક્ષર મીલે તો શુભ કાર્ય હોઇ.

રોગીકી પરીક્ષા. ટીકા—ચંદ્રની નાડી ચાલતી હોય અને જમણી દિશાએ કોઈ પૂછે તો રોગી ન બચે. સૂર્યની નાડી ચાલતી હોય અને ડાબી દિશાએ પૂછે તો રોગી ન બચે.

ચંદ્રમાં પૃથ્વીતત્વ ચાલતો હોય અને માંદો પૂછે તો ન મરે અને રોગ મટી જાય.

દુહો.

રોગીકો પ્રસંગ એ બાંવે પૂછે આય,
ચંદ્ર બંધ સૂર્ય ચલે જીવે નહિ મર જાય.
સાત પાંચ ઓર ત્રણ ગણે પંદરા ઓર પચીશ
કારજ વચન ગણત્રી ગણે ભાણુ યોગકે ઈશ.
ચાર આઠ દશ ગણે ચૌદા સોલા મીત,
ચંદ્ર યોગકે સંગ હે તો કાર્ય જગ જીત.

યુદ્ધ પરીક્ષા–ટીકા–ચંદ્રમાં યુદ્ધે જાય તો સૂર્યમાં જીત થાય.

દુહો.

દુરીજનકો સુર દાહિનો ચલે તેરો દાહિનો હોય,
જો કોય પહેલો ચલે શત્રુ જીતે સોય.

શ્લોક.

युद्धकाले यदा चंद्र स्थायि जयति निश्चितं।
यदा सूर्य प्रवासस्तुयायी विजयते तदा ॥

ટીકા—શંકર કહે—જયારે યુદ્ધના સમયમાં ચંદ્રનો સૂર ચાલતો હોય તો જે પર ચઢાઇ કરવામાં આવે તેનો જય થાય છે. અને સૂર્યનો સૂર ચાલતો હોય તો ચઢાઇ કરવા વાળાનો જય થાય છે.

દુહો.

સુક્ષ્મણા ચલત ન ચાલીએ યુદ્ધ કરનેકો મિત,
શીશ કટાવે ભાગ સો હોય દુરીજનકી જીત.

સંક્રાન્તિ વિચાર.

વૃષભ, કર્ક, કન્યા, કુંભ, મીન, ધન એ ખટ સંક્રાન્તિ ચંદ્રમાની છે. ચંદ્ર ભલો, સૂર્ય અશુભ છે. મેષ, સિંહ, મિથુન, તુલા, વૃશ્ચિક, મકર, એ ખટ સંક્રાન્તિ સૂર્યની છે. શુભ છે, ચંદ્ર અશુભ છે.

કાલ પરીક્ષાઃ—કરકસંક્રાન્તિકે દીન ચંદ્ર ન આવે તો ૭ માસ આયુષ્ય જાણવું. મકરસંક્રાન્તિકે દીન સૂર્ય ન આવે તો ૭ માસ આયુષ્ય જાણવું. રાતે ચંદ્ર ચલે અને દિવસે સૂર્ય ચલે તો ૭ માસ જીવે. આઠ પહોર સૂર્ય ચાલે તો ત્રણ વરસ કાયા રહે. સોળ પહોર સૂર્ય ચાલે તો બે વરસ કાયા રહે. ત્રણ દિવસ રાત સૂર્ય ચાલે તો એક વરસ કાયા રહે. પાંચ દિવસ રાત સૂર્ય ચાલે તો ત્રણ વરસ કાયા રહે. સાત દિવસ એક નાડી ચલે તો નવ માસ જીવે. સોળ દિવસ સૂર્ય ચલે તો આયુષ એક માસની જાણવી. વીસ દિવસ એક નાડી વહે તો ખટ માસ જીવે. ચોવીસ દિવસ એક ચલે તો ચાર માસ જીવે. પચીશ દિવસ એક નાડી ચલે તો ત્રણ માસ જીવે. છવીસ દિવસે એક નાડી ચલે તો બે માસ જીવે. સત્તાવીશ દિવસ એક નાડી ચલે તો એક માસ જીવે. એક માસ ચાલે તો પાંચ દિવસ જીવે. એકત્રીશ દિવસ એક ચલે તો ત્રણ દિવસ જીવે. જ્યારે શરીર પંડુરંગ થાય અને કેસ ઉંચા રહે. મુખ, કાન, આંખ, જીવ્હા, જડ થઇ જાય ત્યારે ખટ માસ જીવે. બધા વાયુ મિશ્રિત થઇને ધમે છે

ત્યારે એક દિવસ જીવે છે. પાણીમાં, તેલમાં, ઘૃતમાં પોતાનું સ્વરૂપ વિકાળ જોવામાં આવે ત્યારે ખટ માસ જીવે.

વર્ષફળઃ—માસ તથા વાર ફળ—એટલે જે માસમાં નીચે મુજબ પાંચ વાર આવતા હોય તેનું તે પ્રમાણે ફળ સમજવું; જે માસમાં રવીવાર પાંચ આવતા હોય તો અન્ન માંઘું વેચાય, છત્ર ભંગ થાય, મહા ભય થાય. સોમવાર પાંચ આવતા હોય તો તે માસમાં ધન ધાન્યની વૃદ્ધિ થાય, બુદ્ધિ વધે, સુખ થાય. જે માસમાં પાંચ મંગળ આવતા હોય તે માસમાં પૃથ્વી રૂધિરથી ભરાય, છત્ર ભંગ થાય. બુધવાર પાંચ આવે તો તે માસમાં પ્રજા સુખી થાય. ગુરૂવાર પાંચ આવે તો પશ્ચિમમાં વિગ્રહ, પીડા, યુદ્ધ હોય. શુક્રવાર પાંચ આવે તો પ્રજા વધે, સુખ થાય. શનિવાર પાંચ આવે તો શેષ કંપે, ઇશાન દેશ ભંગ થાય, અગ્નિનો કોપ થાય અને અન્ન માંઘું વેચાય.

વર્ષફળઃ—ચૈત્ર સુદી ૧ ને દિવસે ચંદ્ર નહિં આવે તો ચિંતા આખા વર્ષમાં ઉપજાવે, બીજને દિવસે ચંદ્ર ન આવે તો ગમન કરાવે. ત્રીજકે દિવશ નહિ આવે તો હાણુ કરાવે. ચોથકે દિને ચંદ્ર ન આવે તો મરણુ કરે. પાંચમ કે દિન ચંદ્ર ન આવે તો રાજ ધક્કો લાગે. છઠ્ઠેકે દિન ચંદ્ર ન આવે તો રાજા વિનાશ હોય. સાતમ કે દિન ચંદ્ર ન આવે તો લડાઇ ચાલે. આઠમ કે દિન ચંદ્ર ન આવે તો મૃત્યુ કરે.

તત્વભેદઃ—બુધવારે પૃથ્વીતત્વ ચાલે, સોમવારે જળ તત્વ ચાલે, મંગળવારે અગ્નિ તત્વ ચાલે, ગુરૂવારે વાયુ તત્વ ચાલે, શુક્રવારે તેજ તત્વ ચાલે, શનિવારે આકાશ તત્વ ચાલે, રવિવારે તેજ તત્વ ચાલે.

॥ श्लोक ॥

तत्वाद् ब्रह्मांड मुत्पन्नं तत्व न परिवर्तते ।
तत्व विलयते देवी तत्वाद् ब्रह्मांड निर्णय ॥

ટીકાઃ—શંકર કહે–હે દેવી આ બ્રહ્માંડ તત્વથીજ ઉત્પન્ન થાય છે. અને તત્વોથી તેનું પાલન થાય છે. અને તત્વોમાં મળી જાય છે. તે માટે તત્વોથીજ બ્રહ્માંડનો નિર્ણય છે.

॥ श्लोक ॥

निरंजनो निराकारः एको देवो महेश्वरः ।
तस्मादाकाश मुत्पन्नंः महाकाशो वायु संभवः ॥

ટીકાઃ—શીવ કહે છે–માયા રહિત નિરાકાર એક દેવ મહેશ્વર છે. તે વડે આકાશ ઉત્પન્ન થયું અને આકાશથી વાયુ ઉત્પન્ન થયો, વાયુથી તેજ ઉત્પન્ન થયું અને તેજથી જળ, જળથી પૃથ્વી ઉત્પન્ન થઇ.

પૃથ્વીનો રંગ પીળો, સ્વાદ મધુરો, પવન આંગુળ બાર ચાલે, જળનો રંગ શ્વેત, સ્વાદ ખારો, પવન આંગળ સોળ ચાલે. તેજ રંગ લાલ, સ્વાદ ચર્પરો, પવન આંગુળ ચાર ચાલે. વાયુ રંગ લીલો, સ્વાદ ખાટો, પવન આંગુળ આઠ ચાલે. આકાશ રંગ શ્યામ, સ્વાદ મલમલો, પવન આંગુળ અઢી ચાલે. પાંચ તત્વની પચીસ પ્રકૃતી થઇ.

અસ્તિ, માંસ, ત્વચા, નાડી, રોમ એ પાંચ પૃથ્વીનાં; શુક્ર, શોણીત, લાળ, મુત્ર, પ્રસ્વેદ એ પાંચ જળનાં છે. ક્ષુધા, તૃષા, આળસ, નિંદ્રા, કાંતિ એ પંચ તેજનાં છે. ચલન, વલન, ધાવન,

અસારણુ, આકુચા એ પંચ વાયુનાં છે. કામ, ક્રોધ, શોક, મોહ, ભય એ પાંચ આકાશનાં છે.

દુહો.

પાંચ તત્વકીં પચીશ પ્રકૃતિ હે, ત્રિગુણુ ઘડે બહુ ઘાટ;
કાશીરામ માંહે ન્યારા વસે, પ્રકૃતિ મિથ્યા ઠાઠ.

સંક્રાન્તિ ફળ:—મેષ સંક્રાન્તિ પૃથ્વીતત્વમાં બેસે તથા જળ તત્વમાં બેસે તો સમો સગાળ, રજા, પ્રજા, સુખી અને વાયુ તત્વમાં મેષ સંક્રાન્તિ બેસે તો આધો સમો, વાયુ ઘણો વાય, ઉત્પાત હોય અને તેજ તત્વમાં મેષ સંક્રાન્તિ બેસે તો ભ્રષ્ટ સમો હોય, રાજાઓમાં લડાઇ ચાલે, આકાશ તત્વમાં મેષ સંક્રાન્તિ બેસે તો કાળ પડે.

ગર્ભ પરીક્ષા:—પૃથ્વી તત્વમાં પ્રશ્ન પૂછે તો પુત્ર હોય, અને જળમાં પૂછે તો પુત્ર ગર્ભમાં છે. અને વાયુતત્વમાં પૂછે તો કન્યા હોય; તેજ તત્વમાં પૂછે તો ગર્ભપાત થાય; આકાશ તત્વમાં પૂછે તો બે પુત્ર થાય; સૂર્યમાં પ્રશ્ન પુછે તો પુત્ર છે અને ચંદ્રમાં પુછે તો પુત્રી છે. અને સુક્ષમણામાં પુછે તો નપુંશક છે.

દુહા.

ગર્ભવંતીકે ગર્ભકા જો કોઇ પૂછે આય,
બાલક કે બાલકી જીવે કે મર જાય;
દહના સુરમાં ચલત હી જો કોઇ પૂછે આય,
વાકો વામો સુર ચલે બાલક હોય મરજાય.
દહના સુર બદલત હે જો કોઇ પૂછે આય,
વાકો દહનો ચલે બાલક હોય સુખ થાય;

વામો સુર ચલત હે જો કોઇ પૂછે આય,
વાકો દહનો ચલે બેટા હોય મરજાય.
વામો સુર ચલત હે જો કોઇ પૂછે આય,
વાકો વામો ચલે બેટી હોય સુખ થાય;
દોનુ સુર સુક્ષ્મણા ચલે જો કોઇ પુછે આય,
ગર્ભ ગળે સુખ આવે નહિ કુખ માતકો ખાય,

॥ श्लोक ॥

पृथ्वी पुत्री चले पुत्र कन्यकातुप्रभंजने ।
तेज सो गर्भपात स्याम भस्यापि नपुसकः ।
चंद्र नाडी प्रश्ने गर्भे कन्या तदा भवेत ।
सूर्य भवे पुत्रो दयोगर्भो विहन्यते ॥

પૃથ્વીતત્વમાં પ્રશ્ન પૂછે તો જંઘા ઘાત હે, જળમાં પ્રશ્ન પૂછે તો પગમાં ઘાત છે. તેજમાં પ્રશ્ન પૂછે તો છાતીએ ઘાત છે. વાયુમાં પ્રશ્ન પૂછે તો પેટમાં ઘાત છે. આકાશમાં પૂછે તો માથે ઘાત છે.

દુહો.

નાડી જો સુક્ષ્મણા ચલે પાંચ ઘડી ઠેરાય,
જો સુક્ષ્મણા એસે ચલે તવ હી નર મર જાય.
નહિ ચંદ્ર નહિ સૂરહે નહિ સુક્ષ્મણા વાસ,
મુખ શ્વાસા નીકસે નહિ તો ઘડી ચાર પ્રકાશ.
છીન વામે છીન દાહિને સો હો સુક્ષ્મણા જાણુ,
કહે વેરી વાકુ મીલે કરે કારજકી હાણુ.

પ્રદેશ પરિક્ષા—પ્રશ્ન પ્રદેશમાં જળતત્વ વહેતો હોય તો પરદેશથી આવશે એમ કહેવું. પૃથ્વીતત્વ હોય તો સુખી છે એમ કહેવું. વાયુતત્વ વહેતો હોય તો અન્ય સ્થાનમાં ગયો એમ કહેવું. અગ્નિતત્ત્વ વહેતો હોય તો પરદેશમાં મરણ પામ્યો છે એમ કહેવું. આકાશતત્વ વહેતો હોય તો અવસ્થા રહિત પરદેશીનું મરણ કહેવું. પૃથ્વી જળ સ્થિર કાર્ય છે. અગ્નિ, વાયુ, ચળ કાર્ય છે. જળ પૃથ્વીતત્વ ચાલે તો શુભ કામ થાય. પાવક આકાશવાયુ ચાલે તો કશુ કાર્ય ન થાય.

ધરતી ઓર આકાશ હે, ઓર તીસરો પવન;
પાણી પાવક પાંચહી, કરેશ્વાસામાં ગમન.

પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર એ ચારે દિશાઓમાં ક્રમથી પૃથ્વી, જળ, તેજ, વાયુ, એ ચારે તત્વો બળવાન કહેલા છે.

શુભ કામ માટે પરદેશ જવું હોય તેનું તાત્કાળ મહુરત.

સોમવારે દર્પણમાં પોતાનું મુખ જોઇને ચાલવું, મંગળવારે ધાણા મુખમાં નાખી ચાલવું, બુધવારે ગોળ ખાઇને ચાલવું. ગુરૂવારે દહીં, શુક્રવારે રાઇ, શનીવારે વાવડીંગના દાણા મુખમાં નાખી ચાલવું. રવીવારે તંબોળ ખાઇને ચાલવું કે નિશ્ચય કામ કરી ઘેર આવે. તૈયાર થઇ ચાલતી વખતે ઉપલો પ્રયોગ કરવો.

ચંદ્ર જોવાની સમજ—પૂર્વ દિશમાં જવું હોય તો મેષ, સિંહ, ધનરાશીનો ચંદ્ર શુભ ફળ આપે છે. દક્ષિણ દિશાએ જવું હોય તો, વરખ, કન્યા, મકર, એ રાશીનો ચંદ્ર શુભ છે. મિથુન, તુલા અને કુંભ એ રાશીનો ચંદ્ર પશ્ચિમ દિશાએ જવામાં શુભ છે. ઉત્તરમાં જવું હોય તો કર્ક, મીન, વૃશ્ચિક એ રાશીનો ચંદ્ર શુભ

છે. પુનઃ ચંદ્ર સન્મુખ હોય તો સારો લાભ આપે, જમણો હોય તો સુખ શાંતી આપે, એ સિવાયનો ચંદ્ર સારો નથી.

ચાલતી વખતના શુકન—કન્યા, સૌભાગ્યવંતી સ્ત્રી, બાળક, ગાય, વાછરડું, તીલક કરેલો બ્રાહ્મણ, ધુમાડા વિનાનો અગ્નિ, ગોળ, મધ, કપડાં ધોવા જનાર માણસ એ સારા શુકન છે.

વિવાહના નિયમો.—માગશર માસ સાધારણ છે. મહા માસમાં વિવાહ કરે તો કન્યા ધનવંતી થાય. ફાગણ માસમાં વિવાહ કરે તો કન્યા સૌભાગ્યવંતી રહે. વૈશાખ અને જેઠ માસમાં વિવાહ થાય તો તે કન્યા પતિને વહાલી થાય. અસાડ માસમાં વિવાહ થાય તો કુળની વૃદ્ધિ થાય.

જ્વાળાયોગ—પડવે મૂળ, પાંચમ ભરણી, આઠમ કૃતિકા, નોમે રોહીણી, દશમે અસ્લેષા, એ પાંચ નક્ષત્ર જ્વાળાયોગ છે.

વરસ પરીક્ષા—જો અશ્વનિ નક્ષત્રમાં છાંટા થાય તો અનાજનો નાશ થાય. રેવતી નક્ષમાં છાંટા થાય તો પાણીનો નાશ થાય, ભરણી નક્ષત્રમાં છાંટા થાય તો સર્વ પ્રકારનો નાશ થાય. કૃતિકામાં વરસાદ થાય તો સર્વ ઝેર ધોવાઇ વરસ સારૂં થાય.

નક્ષત્ર પરીક્ષા—ધનિષ્ઠા, રોહિણી, જેષ્ઠા, અનુરાધા, શ્રવણ, અભિજીત, ઉતરાષાઢા એ સાત નક્ષત્ર પૃથ્વીતત્વનાં છે. પૂર્વા, અસ્લેષા, મૂળ, આર્દ્રા, રેવતી, ઉતરા, શતભીષા એ સાત નક્ષત્ર જળતત્વનાં છે.

ભરણી, કૃતિકા, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુણી, પુર્વાભાદ્રપદ, સ્વાતી એ સાત નક્ષત્ર તેજતત્વનાં છે.

વિશાખા, ઉતર ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, પુનર્વસુ, અશ્વિની, મૃગશર એ સાત નક્ષત્ર વાયુતત્વનાં છે.

તત્વગુણ—પૃથ્વીના પાંચ ગુણ, જળના ચાર ગુણ, તેજના ત્રણ ગુણ, વાયુના બે ગુણ અને આકાશનો એક ગુણ.

તત્વલાભ—પૃથ્વીતત્વ હોય તો ઘણે દિવસે લાભ થાય, જળતત્વ હોય તો તેજ ક્ષણમાં લાભ થાય, વાયુતત્વ હોય તો થોડો લાભ થાય, અગ્નિતત્વ હોય તો કામ નષ્ટ થાય.

આ દેહમાં પૃથ્વી પચાસ પળ વહે છે, જળ ચાળીસ પળ વહે છે, અગ્નિ ત્રીશ પળ વહે છે, વાયુ વીશ પળ વહે છે. આકાશ દશ પળ વહે છે.

દુહો.

ચંદ ચલાવે દિવસ કો રેણ ચલાવે સૂર,
નિત્ય સાધન એસા કરે હોય ઉમર ભરપૂર.

ટીકા—સૂર્ય ઉતરાયણ છે અને ચંદ્ર દક્ષિણાયન છે, ચંદ્રમાં જળ પીવું, સૂર્યમાં ભોજન કરવું, દિવસે ચંદ્ર ચલાવવો, રાતે સૂર્ય ચલાવવો. ચાર, આઠ, બાર કે વીશ દિવસ ચંદ્ર ચલે તો આયુષ વધે.

શ્વાસો પેસતાં પૂછે તો નિશ્ચય કામ થાય. બહાર આવતાં પૂછે તો કામ નહિ થાય.

શ્લોક

तिर्थ स्नाने दानेन तपस्या शुक्र तन चे ॥
जपे ध्याने योगेन जायते कल वंचना ॥

ટીકા—શંકર કહે છે કે—તીર્થ, સ્નાન, દાન, તપ, સુકૃત ધ્યાન અને યોગથી કાળને જીતી શકાય છે. આવેલો કાળ પાછો જાય છે.

દુહો.

ચંદ્રમાં યોગી પ્રાણુ ત્યાગે તો સાયુજ મુક્તિ મળે,
કૃષ્ણપક્ષમાં યોગી પ્રાણુ ત્યાગે તો રાજ મીલે;
ઉતરાયણ સૂર્ય લહે શુકલપક્ષકે માંહિ,
યોગી કાયા ત્યાગીએ જામે સંશય નાહિ.

श्लोक.

स्वयंगे वहते नाडि ते नाडि रोधनं कुरु ॥
मुख बंधमपुचन्वै पवनं जाय ते युवा ॥

ટીકા—શંકર કહે છે કે—જે યોગી પોતાના અંગમાં જે નાડી વહેતી હોય તેને રોકીને પોતાના મુખને બાંધીને મુખથી પવન નીકળવા દેવો તે યોગી વૃદ્ધા અવસ્થાથી યુવાન અવસ્થાને પામે છે. જે યોગી પદ્માસન બાંધીને ગુદામાં સ્થિત પવન અપાન રોકીને તેને ઉંચે લઈ જાય અને અપાન રંધ્રમાં જીતે, સ્થિર કરેલાને પ્રાણુ શક્તિની સાથે રોકીને પ્રાણુ અપાન બંન્નેની એકતા કરે, સ્થિર કરે, જ્યારે એકતા થઇ જાય ને સુક્ષમણા નાડીને રંધ્રમાં પહોચાડે, બ્રહ્મરંધ્રમાં લઇ જઇને આકાશ માર્ગમાં છોડી આપે, આ પ્રમાણે શીવજીના ચર્ણમાં જે યોગી જાય છે તેને ધન્ય છે.

સુક્ષ્મણા નાડી ક્રૂર અને સર્વ કામોમાં દુષ્ટ છે. દેશભંગ, મહા રોગ, કલેશ, કષ્ટ, અનંત દુઃખોને દેવાવાળી છે. જન્મ મરણુ લાભ, અલાભ, જય, પરાજય તે સમય વિષય, વિપરિત સ્વર ચાલતો હોય તો ઇશ્વરનું સ્મરણુ કરવું. જે મનુષ્યને સ્વરનું જ્ઞાન છે તેના

ચરણુ નીચે લક્ષ્મી છે. અને તેનું શરીર જ્યાં જાય ત્યાં સુખી રહે. આ દેહમાં પ્રાણવાયુ ચોકીદાર છે. અને તે પ્રાણુ પ્રવેશ સમયે દશ આંગળ કહેલો છે અને નિકળતી વખતે બાર આંગળ કહેલો છે.

श्लोक.

प्रवेश दशभि निर्गमे द्वादश आंगुलः ॥

પ્રવેશ તાદશ અને નિર્ગમે દ્વાદશ. બોલત ચૌદા ઉઠત અ- ઠારા. ચાલત ચોવીશ પહાડે, જળમાં પચાસ મૈથુને ચોસઠે અને શયને સૌ. આ દેહમાં એકવીશ હજાર છસેં અજંપા ચાલે છે તેથી વધારે ચાલે તો આયુષ ઘટે. પુનઃ ઓછા ચાલે તો આયુષ વધે. જો કદાચ પ્રાણની ગતિ એક આંગળ ઓછી કરે તો નિષ્કામતાની પ્રાપ્તી થાય છે. અને બે આંગળ ઓછી કરે તો આનંદની પ્રાપ્તી થાય છે. ત્રણ આંગળ ઓછી કરે તો કવિતાની પ્રાપ્તી થાય છે અને ચતુષ્ટ આંગળ ઓછી કરે તો વાણીની સિદ્ધિ થાય છે. અને પાંચ આંગળ ઓછી કરે તો દૂર દૃષ્ટિ થાય છે અને ખટ આંગળ ઓછી કરે તો આકાશમાં ગમન કરે છે અને સાત આંગળ ઓછી થાય તો પ્રચંડ વેગ થઈ શકે છે અને આઠ આંગળ ઓછી કરે તો અણીમાદિ સિદ્ધિઓની પ્રાપ્તી થાય છે અને નવ આંગળ ઓછી કરે તો નવનિધિઓની પ્રાપ્તી થાય છે અને દશ આંગળ ઓછી કરે તો દશે મુર્તિઓના રૂપોની પ્રાપ્તી થાય છે અને એકાદશ આંગળ ઓછી કરવાથી દેહની છાયાનો અભાવ થાય છે અને બાર આંગળ ઓછી થાય તો હંસગતિ ગંગાજળના સમાન અમૃતપાન અને શીખાથી લક્ષ

નખ સુધી અને નખથી લઇ શીખા સુધી પ્રાણુને પુર્ણયોગી કરી લે તો ભક્ષભોજનની નિવૃત્તિ થાય છે.

પદ. ૧. રાગ પરજ.

કાયાની ગાડી જુવો કારમીરે, ચલાવી અનુભવ દેશરે. ટેક.
સતનીરે સડકો અંકાવીયોરે, જ્ઞાન ગરનાળાં બંધાયરે;
અજ્ઞાન કચરો કઢાય છે, રેણી રેતી પથરાયરે. કાયા. ૧
વીવેકની વાડયો કરાવીયોરે, યોગનાં ઝાડવાં રોપાયરે;
સ્વાસાના સલેપાટ પાથર્યા, તે પર થઇ ગાડી જાયરે. કાયા. ૨
નવ દરવાજે બંગલી બનીરે, દશમે સાહેબનો મુકામરે;
ખટ ચક્ર તો સ્ટેશન રચ્યાં, તારમાસ્તર તેણે ઠારરે. કાયા. ૩
સ્થીરતાના સ્થંભ રોપાવીયારે, ઓહંગ સોહંગ બાંધ્યા તારરે;
સુનપાદેહીનો ડબો બડો, ગણાય ફર્સ્ટ. કલાસરે. કાયા. ૪
કરમ ઈંદ્રીયો પોટર બનીરે, જ્ઞાન ઈંદ્રીયો સીપાઇરે;
પવન પાણી અગ્નીનું ઈંજીન બન્યું, અનના કોહીલા પુરાયરે. ૫
મન તો ડ્રાઇવર ગાડી હાંકતારે, બુદ્ધી ગ્યાર્ડ લેછે તપાસરે;
અદલ શબ્દના ઘંટ વાગતા, પ્રેમના પીસવા જુવો થાયરે. કાયા. ૬
પ્રીતીનાં ફાનસ પ્રગટાવીયાંરે, હરખના હાથ પડાયરે;
નીશાન ઉડે હરીના નામનાં, જ્ઞાનની ટીસીરો થાયરે. કાયા. ૭
સતગુરૂ સાહેબ ટીકટ આપતારે, ગાફલ હોયતે અથડાયરે;
તૃષ્ણાનાં તેલ ઊંજાયછે, સતસંગ સંટલ થાયરે. કાયા. ૮
જીવ શીવ વેપારી ગાડીએ ઉતર્યારે, કહું તેનો વીસ્તારરે;
પ્રવૃત્તી વરી જીવરાયને, જન્મ મરણ વારંવારરે. કાયા. ૯
નીવૃત્તી વરી શીવરાયનેરે, અમર લોક લેઇ જાયરે;
ગુરૂ પ્રેરકથી વીનવે, ગુરૂ કાશીરામ ગાયરે. કાયા. ૧૦

પદ ૨ રાગ પરજ.

કાયાની વાડી જુવો કારમીરે, જેવાં ઝાજવાંનાં નીરરે;
જેવાતે જળ પરપોટડા, પળમાં વણુશી જાય વાંનરે. કાયા. ૧
મેડી મંદીરને માળીયાંરે, ધન દોલતને નારરે,
અંતે તારૂતો કોઇ નથી, સબ સબકી સંભાળરે. કાયા. ૨
સતગુરૂ વૈદ તુજને મળેરે, જ્ઞાન ગોળી તુને પાયરે;
જન્મ મરણુનીરે આપદા, અધ્યાતમ તાવ ટળી જાયરે. કાયા. ૩
અજ્ઞાનતાથી સો આથડેરે, સીંહ અજામાં જેમ જાયરે;
ઠુંઠાનો ચોર જોઇ નાસતાં, રજ્જુ સર્પ સાંમો થાયરે. કાયા. ૪
કાચના મંદીરમાં જાવે કુતરૂરે, દેખ્યો નીજ દેદારરે;
દેખતાં ભસી તે વળ્યું, દેખ્યાં સ્વાન જુવો લાખરે. કાયા. ૫
હજુ ચેતો તમે પ્રાણીયારે, સતસંગ કરો સર્વ કોઇરે;
સાચો મણીરે એ જાણજો, મીથ્યા બીજુ સર્વ કોઇરે. કાયા. ૬
કાશીરામ કરજોડી વીનવેરે, તમે સુણો રાધેરામરે;
રવીરામ રરંકાર રૂપછે, છે આદ્ય અનાદ્યરે. કાયા. ૭

પદ ૩. રાગ પરજ.

જુવો સંતો હમારે જાવું સત ધામમાં, તમે ચેતો સર્વે જનરે,
હમારે. ટેક.

નામ રૂપ માયા તણુંરે, અસ્તી ભ્રાંતી પ્રીય રૂપરે;
વ્યાપક અખંડ અરૂપછે, અવીનાશી અજ રૂપરે. હમારે. ૨
ચોવીસ પ્રકૃતીની પાસછેરે, મન બુદ્ધી ચીત અહંકારરે;
પચીસમો સોહંગ સગંગ છે, બ્રહ્મ કેરૂં પ્રતિબીંબરે. હમારે. ૩
તન છુટે મન પવનમાં સમાયછેરે, પવન શબ્દની માંહીરે;
શબ્દ સમાય જુવો નાદમાં, નાદ બ્રહ્મમાં મીલાયરે. હમારે. ૪

ઘટ ફુટેને ઘાટ મટેરે, આકાશ સળંગ સ્વરૂપરે;
વાંણો તાંણો મળી પટ છે, તંતુ વીચારે વસ્ત્ર અસારરે. હમારે. ૫
ગુરૂ પ્રતાપે કાશીરામ વીનવેરે, ગુરૂ ગોવિંદ એક રૂપરે;
કોઇ કહેશે આતો રાજીયો, આતો છે બ્રહ્મ જ્ઞાનરે. હમારે. ૬

પદ ૪. રાગ પરજ.

બોલો સર્વે શ્રી સીરામરે, દુનીયાંમાં ડંકેરો ફરે કાળનો.
રામ રામજી. ટેક.
ચાલ્યા રંક રૈયત ને રાજવીરે, ચાલ્યા દાનવ માનવ ને દેવરે;
અવતારી આખર તો નવ રહ્યા, એવું કાળનું મહા જોરરે. દુનીયા. ૨
મારથી ને સારથી નવ રહ્યારે, નવ રહ્યા દશ અવતારરે;
નામ રૂપ તેનો નાશ છે, ચોથું પદ અવીનાશરે. દુનીયા. ૩
ઘાટ અઘાટમાં મળી ગયુંરે, જેમ સરીતા સીંધુ સમાયરે;
માટે ભજો તમે માનવી, કરો સતસંગ સારરે. દુનીયા. ૪
જેહ રહેતાં કાયા રહેરે, જાતાં કાયા જાયરે;
માટે અનુભવ આદરો, તેથી પામો નીજ ધામરે. દુનીયા. ૫
અણુછતો કહે હુંતો નહી મરૂંરે, તત્વ પાંચ મારૂં રૂપરે;
સાકારથી નીરાકારમાં, બીંદુ જળ રૂપ હોઇરે. દુનીયામાં. ૬

પદ ૧. રાગ કાફી.

હુંતો તુંને વારૂરે, સલેલનો સંગ નવ કીજે;
સંત ચરણમાં જઇએરે, મુનષાદેહી લાવો લીજે. ટેક.
કામી તરે ક્રોધી તરે, વળી લોભીકી ગત હોય,
પણ સૌ સંતનો પોકારી કહે સલેલ તર્યો નહી કોય;
કોઇ નવ તરીયોરે, જુવો આપણુને એ કેમ તારે. હુંતો તુંને. ૨

ગાંજો પીએ અંફીણુ ખાય, વળી સુકાનારે ભોગી;
સંત સાધુ આઘા પાછા હોય ત્યારે, આસન બેશી બની જાય યોગી;
ધીક્કાર તારૂં ડહાપણુરે, સંત તું કેમ કહેવાયો. હુંતો તુંને. ૩
કથા વંચાય ત્યારે વાતો કરે, બંધ રહે ત્યારે બોલે,
પણ એક શબ્દ નવ સાંભળે, એ જાણો પ્રજાપતનો ગધો;
ગધો તું કહેવાયોરે, તોય ભજનમાં ભંગ પાડે. હુંતો તુંને. ૪
સલેલનાં વળી લક્ષણ બતાવું, કોઇ જગ્યાએ ઉભું નવ રહેવાય,
દાંત કહાડી વળી બોલવા શીખ્યો, તેની વાત પુરી કેમ થાય;
ધીક્કાર જનુની તારીરે, આવાં રતન જેણે જીવાડયાં. હુંતો તુંને. ૫
માટે સલેલનો સંગ તજી, ભાવે ભજો રવીગુરૂ ભાંણ,
ગુરૂ રાઘેદાસ પ્રતાપે કાશીરામ વીનવે, અખંડ પોહોંચાડે ધામ;
ધામ વીષે પોહોંચ્યારે, જપ્યા નીત્ય સારીંગપ્રાણી. હું તો તુંને. ૬

પદ ૨. રાગ કાફી.

રામ કૃષ્ણ ભજન વીનારે, કાયકું તેં દેહધારી.
મુરખ નવ સમજ્યારે, મનખો ગયા હારી;
ફરી આવો દાવ નહી આવે, ગુરૂના ચરણ લે તું ધારી-- ૧
આયુષ્ય તારૂંરે થાય ઓછું, જેમ કાંણીરે ઝારી;
ભુખ્યાને અન નત્ર આપેરે, ખાય વેઢમી ને ધારી. રામ કૃષ્ણ. ૨
રમે ભવૈયા ત્યાં ઉંઘ ના આવે, રામ કથા લાગે ખારી,
જે ગુરૂને ચરણે નવ ગયા, ગયા તે મનખો હારી;
જુગનો પાર નહી પાવેરે, વીના ગુરૂ કોટી ઉપાયે. રામ કૃષ્ણ. ૩
રહે સમદ્રષ્ટી સદા, દુખ મનમાં નવ આણે,
સાચા ગુરૂને સેવતાં અંતરમાં અનુભવ જાણે;
સોહંગરૂપ સમજીને કહેજ્યોરે, આતમરૂપ ઓળખી લેજો. રામ. ૪

જેમ જેમ મોહનું મુળ ઉંડું ધસે, તેમ થડ પાકુંરે થાય,
આત્મતત્વ ચીનાય જ્યારે, મટે નામ ગુણ રૂપનો ભાસ;
ગગનમાં ધ્યાન ધરવુંરે, વાણી વીના કરવું રટણ. રામ. ૫
માટે સમજીને ચાલો, છોડજો ચોરી જુગટું ને જારી,
સમજણથી સુખ સે'જે મળશે, આ છે બ્રહ્મજ્ઞાન નીશાંની;
કાશીરામને ગુરૂએ જ્ઞાન આપ્યુંરે, રામરામ વિના અવર કાંઈ
નવ જાણી. રામ કૃષ્ણ. ૬

પદ ૩. રાગ કાફી.

હીરો ખોવાયો કચરામાંરે, તરણા ઓઠે મેરૂ રહ્યો;
અજામાં સીંહ જાવેરે, એમ અભ્યાસ તને થયો. ટેક.
નથી જાણતો સ્વરૂપ તારૂ, અવીનાશી વસે અપાર,
મરે જન્મે તે અખંડ નહી, જુવો ચારે ખાંણ વીસ્તાર;
પંડીતમાં દુનિયાં ડુબીરે, પોતપોતાનો મત શીદ તાંણો. હી. ૨
સસાયે જુવો સીંહને માર્યો, શું જાણે દેડકો સમુદ્રની વાત,
હંસને પણ હેઠો ગણે, વખાણે પોતાની જાત;
હું ને તું નવ જાણ્યુંરે, જુવો હું તું એક નથી. હી. ૩
પુરાંણ ભણી પંડીત ભયા, વળી વૈદક ભણી હુવા વૈદ,
વેદ પઠે આંખે નવ સુજે, ઘટમાં ઘોર અંધાર;
નીજ નામ જેણે જાણ્યુરે, ચારે વેદ તે તો ભણ્યો. હી. ૪
સ્વપનામાં ભીક્ષુક રાજા બનીયો, જાગી જોયું તો ભીક્ષુક,
રાજાનો કુંવર રાંકમાં રોળાય છે, નથી જોતો સ્વસ્વરૂપ;
ગુરૂની ગતી ન્યારીરે, ગુરૂ વીના નથી એક બારી. હી. ૫
આતમધન કાયામાં દાટયું, વળી વેદમાં લખ્યા છે લેખ,
પંડીત તો ભણીને ભુલ્યા, વળા કેટલાંક ભુલ્યા છે ભેખ;

સુરજ ઉગે સહસ્રરે, આંખ્ય વીના તો દેખે નહી. હી. ૬
સર્વ મંત્રકા મંત્ર હે, સર્વ સીદ્ધાંતકા અંત,
કાશીરામ સતગુરૂ વીના નહી તરે, જો કોટીક વાંચે ગ્રંથ;
મીથ્યા મન મોદીક કરીએરે, પણ સ્વાદ તેનો આવે નહી. હી. ૭

પદ ૪. રાગ કાફી.

મલોખાં મીઠાં કરીએરે, સેલડીનો સ્વાદ આવે નહી.
કાયા ગઢ શોધોરે, શોધ્યા વીના પાર પાવે નહી. ટેક.
રવી રવી રટે રજની જાવે નહી, દીવો કહે અંધારૂં નવ જાય,
આતમા ભાનુ ઉદે થાય જ્યારે, ત્યારે અજવાળું થાય;
ભાજન ભોજન કરીએરે, ખાધા વિના ભુખ ભાગે નહી. મ. ૨
જળ જળ કરે તૃષ્ણા મટે નહી, મીઠા મેવા વખાણે ભુખ નવ જાય,
અંધારે વસ્તુ શોધીએ, અજવાળા વીના નવ દેખાય;
હદની વાત નવ જાણેરે, બેહદમાં વળગે ખરા. મ. ૩
કાયાદેવળમાં દેવ સાચા બેઠા, સાંભળ સતગુરૂ નીશાંન,
તન મુંડાયા મન મુંડાયા નહી, ભુલ્યો પોતાનું ભાન;
દેખો રચના ઘટમાંરે, ઘટ ઘટમાં રચના ઘણી. મ. ૪
ઇંગ્લા પીંગ્લા શુષુમણા, ત્રવેણીમાં લાગ્યો તાર,
અંબર તખત આસન કરી, દેખ્યો પોતાનો દેદાર;
સુન મંડળમાં સુતોરે, નીરાંત થઇ મારે ખરી. મ. ૫
ભારે ભરૂંસો ગુરૂ દેવનો, આશા પુરો અનાથના નાથ,
દુઃખ વેળાયે સંકટ ટાળો, હરી હેત કરી ઝાલો હાથ;
કાશીરામની વારે ધાજોરે, તમારે મારે પ્રીતો ખરી. મ. ૬

પદ ૫. રાગ કાફી.

કામ બાંણુ ભારીરે, ગયા મોટા મોટા હારી;

માયા છે મહા ઠગણીરે, એનું કામ બહુ ભારી. ટેક.
શંકર સરખાને નાચ નચાવે, વળી બ્રહ્મા ગયા છે ભુલી,
એકલસીંગી વનમાં લુંટાયા, પારાસર સરીખા ગયા ડુલી;
માયા છે મસ્તાનીરે, શુંરે ફરે ફુલી ફુલી. કામ. ૨
ઈંદ્ર સરીખા અથડાઈ ગયા, વળી ચંદ્ર સરખા ગયા ચળી,
રાવણ ભસ્માસુર ભસ્મ થયા, જુવો ઇશ્વરની માયા છે ખરી;
સતગુરૂ કીપા થાવેરે, માયા ત્યાંથી થાવે પરી. કામ. ૩
કામી ભોગી નરકકા, સંશય કદી નવ જાય,
માયા છોડવાકી વાતો કરે, બહોત તમાચા ખાય;
માયા દાશી સંતનીરે, સાંકુટની તો લાજ લેવે. કામ. ૪
દીપકને ઝોકા પવનકા, નરને ઝોકા નાર,
સંતને ઝોકા શબ્દકા, નકી હોવે ભવપાર;
આપ બળે માયા નવ છુટેરે, છોડે ત્રીભોવન ધણી. કામ. ૫
મન મુવા માય મરે, સંશય થાવે દૂર,
સાંધા વાંધા મન કરે, રામ સધળે ભરપૂર;
ઠામ નહિ ઠાલોરે, સર્વમાં રમે હાલ હજુર. કામ. ૬
નીદીધ્યાસનથી મનનો પાર આવે, સતસંગથી જાવે કામ,
સ્વાસો સ્વાસે સ્મરણ કરવું, આઠો પોહોર જપવા શ્રીરામ;
કાશીરામ કહે સતગુરૂ શેવોરે, પુરણ પોહોંચાડે ધામ. કામ. ૭

પદ ૬. રાગ કાફી.

કળયુગ આવ્યોરે, દુનીયાંમાંથી ઘટીરે દયા,
કરોડોપતીરે લાખોપતી લોભીરે થયા. ટેક. ૧
પુન્યતો પાતાળે ગયું, અધના ઓધજ થાય,
દેવને તો કોઈ માને નહિ, પ્રેત પુંજવા જાય;

ધર્મ ગયા ચુકીરે, જાત વરણુ તો નવ રહી. કળયુગ. ૨
સાધુ અસાધુ થયા, વળી પતીવ્રતા નહી નાર,
ઉંચી નાત થઇ પુનરલગ્ન કરે, વળી દીકરીના પૈસા ખાય;
સ્મરણુ ગયા ચુકીરે, દયાતો દીલમાં નહી. કળયુગ. ૩
દંભ કરે તે સીદ્ધ ગણાય, વળી વ્યભીચારીને મળે માન,
પ્રશ્ન જુવો ગરોડાને પુછે, વળી ગુણકા પાસે લેવા જાય જ્ઞાન;
અભીમાનમાં સૌ આથડેરે, ફોગટ કરે માન ગુમાન. કળયુગ. ૪
આ અવસરનો લાહાવો લેજો, વળી ફેરા શીદને ખાવ,
કાશીરામ કહે ગુરૂ પરતાપે, હરીના ગુણુ તમે ગાવ;
મુનષાદેહી મોંઘીરે, નહિ મળે ફરી ફરી. કળયુગ. ૫

પદ ૭. રાગ કાફી.

જુવો મન મરકટરે, કુદકાતો મારે ઘણુા,
વીષય ડાળે અફળાયરે, એની ચંચળતામાં નહી મણા. ટેક.
કુંભારનો ચાક ફરે જેમ, વળી વીજળીનો ઝબકારો થાય,
પીંપળાનું પાન હાલ્યા વીના નવ રહે, દીવાની સગ જેમ ડોલાય;
ધ્વજાનો પટ ફરકેરે, મનનીતો વૃત્તી તેમ ડોલાય. જુવો મન. ૨
મન રાજા મન રંક છે, મન કાહેર મન સુર,
મન ઘોડો ગયંદ છે, મન મનસુબા ભરપુર;
ઘડી એકમાં જાય પાતાળેરે, પળમાં આકાશમાં ફેરા ખાવે. જુ, ૩
પણુ મનના પ્રપંચ મુકજો, મનનું ધાર્યું નહી થાય,
પાણીમાંથી ઘૃત જો નીકળે, તો લુખુ કોઇ નવ ખાય;
મનકે હારે હારરે, મન કે' જીતે તો જીત ખરી. જુવોમન. ૪
સાત સમુદ્રકી એક લહેર, મનકી લેહેર જુવો અનેક,

મન સર્પ પર અસવાર હે, મન પર અસવાર સંત હે દેખ;
મન નીરમળ હોતારે, જો હરીચરણે રાચ્યા રહે. જુવોમન. ૫
પણ કરમાં તો માળા ફીરે, મનકા મેલ નવ જાય.
મન માળા કરી રાખીયે, તો સ્વાસ સમરણ થાય;
કાશીરામ ને સતગુરૂ મળીયારે, મન તુકી તુકી હોઇ રહ્યા. જુ. ૬

પદ ૮. રાગ કાફી.

પાંચ તત્વનો બંગલોરે, પ્રગટ નારાયણ બોલે;
સતગુરૂ વીનારે, તનમાં તાળાં કોણ ખોલે. ટેક.
તરણા ઓઠે મેરૂ રહ્યો, મૃગના તનમાં કસ્તુરી જેમ,
જેમ દધીમાં ઘ્રુત છે, કાષ્ટમાં હુતાશન તેમ;
મુરખ જોને જાગીરે, મુનષાદેહી મોંઘો મણી મળ્યો. પાંચ. ૧
જેમ ડુંગરમાં દેવતા, આ ઘટમાં છે કીરતાર,
જેમ સીંહ અજા ભેગો ફરેછે, તેમ તને થયોછે અભ્યાસ;
માટે જોને જાગીરે, ડેરાના શીખરનો માલ ખરો. પાંચ. ૨.
ગાંધ્રવ નગરની શોભા બની, એવો આ જગતનો છે ઠાઠ,
વંઝાનો પુત્ર જુવો છે નહી, જેમ ઠુંઠાનો ચોર જણાય;
રજુનો સરપ જેમ ભાસેરે, મુરખ તું જોને જાગી. પાંચ. ૩
જળકુકડી જળમાં રહે, જુવો પાંખ નહી ભીંજાય,
સમુદ્રમાં મોતી નીપજે, જુવો માલ મરજીવા ખાય;
અભાગીયા જોને જાગીરે, આ અમુલખ અવસર જાય. પાંચ. ૪
અંબર હીંડોળા બાંધીયા, ભમર ગુફાની માંય,
ત્રવેણી ટંકશાળ પડે, અગોચર ગોચર પ્રેરક થાય;
આંધાને બતાવીયે આરશીરે, તોય તેને સુજે નહી. પાંચ ૫
ગુરૂ વીનાતો પાર નહી આવે, જુવો વેદ પુરાણમાં કથી,

શુકજી સરીખા પાછા પડયા, ગુરૂવીના મુક્તી નથી;
કાશીરામ સતગુરૂ પ્રતાપેરે, મુખથી તો કહે કથી કથી. પાંચ. ૬

પદ ૧ સાત વાર.

સખી આદીતે આ દેહમાંય, જુવોને તપાશીરે;
આ અનભે નોબત આજ, ગુરૂની ગાજીરે. ૧
સખી સોમે સતગુરૂગય, મુજને મળીયારે;
આ દરસાવ્યો નીજ દેદાર, અઢળક ઢળીયારે. ૨
સખી મંગળે મોટો બ્રહ્મભેદ, જે કોઇ જાણેરે;
જેને મળ્યા રવીગુરૂ ભાંણ, તે પીછાનેરે. ૩
સખી બુધે બુદ્ધી બહાર, અવાજ જાણોરે;
આ તખત ત્રવેણીને ઘાટ, બોલતાને પીછાનોરે. ૪
સખી બ્રહસ્પતે જ્ઞાન બાંણ, ભ્રાથા છુટયારે;
મનસુખાને માર્યો આજ, ગગન ઘર જોયારે. ૫
સખી શુકરે સતગુરૂનો બાળ, આતમ જાગ્યોરે;
આ લીધું અનભે રાજ ભે નવ લાગ્યોરે. ૬
સખી શનીયે શુભ નીશાંન, સુનમાં ફરકેરે;
આ અનભે અચળ છુટે બાણ, અસુર સૌ થરકેરે. ૭
કાશીરામ હરીગુરૂ ચરણ, લાગ્યું સાચુંરે;
આ સતગુરૂએ પુર્યા કોડ, નવ રહ્યું કાચુંરે. ૮

પદ. ૨. સાત વાર બીજા.

સખી આદીતે આ દેહ, જાણો કાચીરે;
આ નવ રહે એ રંગ, નીરખે વાત સાચીરે. ૧
સખી સોમે સાહ્ય કરે, વનમાળીરે;
તેને જુવોને સર્વે જન, અજ્ઞાન ટાળીરે. ૨

સખી મંગળે માહારૂપ, પ્રભુનું બીરાજેરે;
તેને જોઈ શકે નહી કોઇ, ભાનું ઉજાશેરે. ૩
સખી બુધે બુદ્ધા અવતાર, પ્રભુએ લીધોરે;
જેને મળ્યા સતગુરૂ દેવ, તે નર સીધ્યોરે. ૪
સખી બ્રહસ્પતે મીથ્યા ભાર, તમે કોપ નવ લેશોરે;
આ અનભે સુનમાંય, મરજીવા થઇ રહેજ્યોરે. ૫
સખી શુક્રરે શું કરો વિચારારે;
તમ ધાર્યું તો નહી થાય, અધર ઉચારારે. ૬
સખી શનીયે માહા કોપ, રાયને કીધોરે;
જુવો છેદાયા દોનું હાથ, ઘાંચી ઘેર દીધોરે. ૭
કાશીરામ ગુરૂની સાથ, પ્રીતી જોડીરે;
શ્રાવણુ વદી પાંચમ, રાત રહી થોડીરે. ૮
શેરખીમાં દેદાર, ગુરૂ ના દરસ્યારે;
આ ઉભો જોડી હાથ, અનભે વરસ્યારે. ૯

પદ. ૩. સાત વાર ત્રીજા.

સખી આદીતે આ દેહ જાણો કાચીરે;
તમે સમરો સારીંગપ્રાંણુ, નીરભે વાત સાચીરે. ૧
સખી સોમે સતગુરૂરાય, સચરાચરમાં રમતારે;
તમે ફોગટ કરો અભીમાન, કહો હું કરતારે. ૨
સખી મંગળે માહા આનંદ, સ્વરૂપ સ્વામીરે;
છો અચળ અખીલ અપાર, અંતરજામીરે. ૩
સખી બુધે બાવન બાહાર, અવાજ છુટ્યારે;
...નસુખાને માર્યો આજ, કામ ક્રોધ કુટ્યારે. ૪

સખી બ્રહસ્પતે ભય વીના, પ્રીતી નવ થાવેરે;
પછી અનમે નગર અપાર, શહેર વસાવેરે. ૫
સખી શુક્રરે સૌનો રાય, આતમ નીરખોરે;
આ અનઘડ રૂપ અરૂપ, અપાર ફરે ચરખોરે. ૬
સખી શનીયે શુભ, સાચુ' કહુંછુંરે;
આ સર્વ સંતનો છું દાસ, શરણુમાં રહુંછુંરે. ૭
કાશીરામ ગુરૂ ચરણુ, લાગ્યું સાચુરે;
મારા પુર્યા છે મનના કોડ, નવ રહ્યું કાચુરે. ૮

પદ. ૪. સાત વાર ચોથા.

સખી આદીતે આદ્ય સ્વરૂપ, જોને જાગીરે;
આ સોહંગ દીઠા સબ ઘટ, ભ્રાન્તી ભાગીરે. ૧
સખી સોમે સતગુરૂ રાય, મુજને મળીયારે;
આ ટાળ્યા ત્રીવીધી તાપ, અઢળક ઢળીયારે. ૨
સખી મંગળે મુળ સ્વરૂપ, મુજને દરસ્યારે;
આ અધર તખત આસન, પ્રગટ પરસ્યારે. ૩
સખી બુદ્ધે તે બુદ્ધા અવતાર, બોલે બાવન બાહારરે;
તમે સમરો સારીંગપ્રાણુ, થાવો ભવ પારારે. ૪
સખી બ્રહસ્પતે ભાથા બાણુ, ભલી રીતે ભરીયુંરે;
આ અનભે તખતનું રાજ, નીશ્ચે મળીયુંરે. ૫
સખી શુક્રરે સાહેબ, સનમુખ દીઠારે;
આ સોહં સચરાચર માંય, લાગે મીઠારે. ૬
સખી શનીએ સ્વંયંપ્રકાશ, સ્વ સ્વરૂપ પામીરે;
મને મળ્યા સતગુરૂ સ્વામી, નવ રહી ખામીરે. ૭

સંવત ઓગણી સાલ શ્રાવણ શુદીરે;
ત્રેસટની જુવો સાલ, ઉઘડી બુદ્ધીરે. ૮
દેવાણુમાં દેદાર, ગુરૂના દરસ્યારે;
આ ડંડક વન મોઝાર, સતગુરૂ પરસ્યારે. ૯
હરીરામ હરીગુરૂ સાથ, પ્રીતી જોડીરે;
આ ગોકળ આઠમની રાત, રહીતી થોડીરે. ૧૦
કાશીરામ સતગુરૂ પ્રતાપે, કહું છું સાચુરે;
મને સતગુરૂ મળ્યા સરવંગ, નવ રહ્યું કાચુરે. ૧૧

પદ ૧. તીથીઓ.

સખી પડવે પરમાત્મા, મનથી છેટેરે;
આ દયા કરે માહારાજ, રવી ભાણ ભેટેરે. ૧
સખી બીજે બોલે, વાકું જાણોરે;
એને નથી એકે રંગ, તે પીછાનોરે. ૨
સખી ત્રીજે તત્વાતીત, સૌ ઘટ દેખોરે;
એવું સમજો ઘટમાંય, સતગુરૂ પેખોરે. ૩
સખી ચોથે ચોધારૂ ખડગ, સતગુરૂ આપેરે;
તે લેઇને નીકળો બાહાર, કોઈ નહી સંતાપેરે. ૪
સખી પાંચમે પાંચ પચીસનો ફંદ, ફોગટ ટાળીરે;
આ અનભે સુન માંય, બાજી ઢાળીરે. ૫
સખી છઠે છો ચક્રમાંય, સુરતા ચાલેરે;
આ ખટસેં એકવી હજાર, નુરતા માહાલેરે. ૬
સખી સાતમનો સંતાપ, સઘળો ખોયોરે;
દલ સાચુ કરીને એક તાર, મન મોતી પ્રોયોરે. ૭

સખી આઠમે આઠનો આ ઠાઠ, નીશ્ચે જવાનોરે;
આ ક્રોડ કરો ઉપાય, નથી રહેવાનોરે. ૮
સખી નોમેતો નામ, ગુરૂનું સાચુરે;
એ વીના ડાક ડમાળ, સર્વે કાચુરે. ૯
સખી દશમે દશ નારી, છે ઠગારીરે;
તેનો કોઈના કરશો સંગ, મનખો જાશો હારીરે. ૧૦
સખી એકાદશી એક ઠોર, વતી રાંખોરે;
ગુરૂનો પ્રેમ પ્રસાદ, જઈ કોઈ ચાખોરે. ૧૧
સખી દ્વાદશે દ્વાદશ આંગળ, દેહીમાં પીછાનોરે;
તો મળે સતગુરૂ દેવ, સનમુખ જાણોરે. ૧૨
સખી તેરશે તે રસ, સો સંતોયે પીધોરે;
આ ધ્રુવ ને પ્રહલાદ, કબીરે લાહાવ લીધોરે. ૧૩
સખી ચૌદશે અનભે રાજ, ગુરૂએ આપ્યુંરે;
આ કબુદ્ધીને કહાડી બહાર, સ્થીર મન સ્થાપ્યુંરે. ૧૪
સખી પુનમે પુરણ બ્રહ્મ, જે કોઇ જાણેરે;
જેને મળ્યા રવી ગુરૂ ભાણ, તે પીછાનેરે. ૧૫
સતગુરૂ રાધીકાદાસ, મુજને મળીયારે;
કાશીરામને કીધા ન્યાલ, અઢળક લળીયારે. ૧૬

પદ ૨. તીથીયો.

સખી પડવે પરમાત્માને પરખોરે;
આખા વન ખેલે આપ, નયણે નીરખોરે. ૧
સખી બીજે બીજ વૃક્ષમાં, વૃક્ષ બીજમાંરે;
જેમ દધી મધ્યે ઘૃત એમ, સમ ઘટમાંરે. ૨

સખી ત્રીજે તત્વાતીત, તાર મીલાવેરે;
આબંક નાળ ને ઘાટ, મોરલી બજાવેરે. ૩
સખી ચોથે ચાર, ખેચરી ભોંચરીરે;
આ ચાચરી અગોચરીમાંય, જેમ અનળ આકાશેરે. ૪
સખી પાંચમે પાંચ તત્વ પ્રમાણુ, છઠા નારાયણુ બોલેરે;
જેમ સમરણીમાં સુત, દેવ ચક્ષુ ખોલેરે. ૫
સખી છઠે છો ચક્રમાંય, તાર એક ચાલેરે;
આ અનઘડ મુરતીમાંય, સાહેબ મહાલેરે. ૬
સખી સાતમે સાંન બતાવું સાચુરે;
આ કળીયુગનો પરભાવ, રામ નામ સાચુરે. ૭
સખી આઠમે ઓછવ થાય, આઠના ઠાઠમાંહીરે;
આ અનહદ વાજાંનો નહી પાર, સુન મંડળ જ્યાંહીરે. ૮
સખી નોમે નવનો અંત, વાસના વામીરે;
આ સતગુરૂ મળિયા સરવંગ, તત્વ સ્વરૂપ પામીરે. ૯
સખી દસમે દ્વારે રામ, રહેછે રમતારે;
આ તેને નીરખો સરવે જન, દેહ શીદ દમતારે. ૧૦
સખી એકાદશીનો લાહાવ, કોઇ વીરલા જાણેરે;
આ એકાગ્રહ વૃત્તી થાય, વેદ વખાણેરે. ૧૧
સખી દ્વાદશે દ્વાદશ બાહાર, અચળ અભંગીરે;
આ અણી અગર વારપાર, ખેલે સરવંગીરે. ૧૨
સખી તેરશે તાર નવ તુટેરે;
મારે અખુટ દોલત આવી હાથ, નાણું નવ ખુટેરે. ૧૩
સખી ચૌદશે ચૌદ ભોવનનો નાથ, તેશું તાળી લાગીરે;
આ જોયા પરાની પાર, ભ્રાન્તી ભાગીરે. ૧૪

સખી પુનમે પંદર તીથી, સમજીને ગાવેરે;
જેને મળ્યા સતગુરૂ દેવ, તે પાર પાવેરે. ૧૫
કાશીરામ સતગુરૂ પ્રતાપ, તીથી ગાવેરે;
આ અરધ ઉરધ કે ઘાટ, મોરલી બજાવેરે. ૧૬

પદ ૩ મહીના.

કારતકે જાણી નહી, જે છે કાળની તક;
ઘડીરે પલકમાંરે લેઈ જશે, મુઢ કરને વિચાર. કારતકે. ૧
માગશરે મનના તોરીંગ મેલજ્યો, કરજો શુદ્ધ વીચાર;
સારૂં નરસું નવ કરો, જો નીરભે મન થાય. માગશરે. ૨
પોસ માસે પ્રીત બાંધજો, રવી ગુરૂ ભાંણુની સાથ;
અચળ કરશે આતમા, દરશાવે પુરણુ બ્રહ્મ. પોસમાસે. ૩
માહામાસે મંગળ રૂપ છે, જે છે કોટી બ્રહ્માંડના ભુપ;
શીવશક્તી ને સારદા, ધરે મુની જેનું ધ્યાન અનુપ. માહામાસે. ૪
ફાગણુમાસે ફુલી રહી, કાયાવાડી અપાર;
પુષ્પ ખીલ્યાંરે પ્રેમનાં, વીણે સંત સુજાંણુ. ફાગણુમાસે. ૫
ચૈતરે ચીતમાં ઝીલતાં, થયું શુદ્ધ સ્વરૂપ;
અમર પ્યાલો ગુરૂએ પાયો, મુંગો જેમ સાકર ખાય. ચૈતરે. ૬
વૈશાખે વંદ્રાવન માંહી, ગોપીયો લીલા કરે અપાર;
તખત ત્રવેણીના ઘાટમાં, શબ્દાતીત દરસાય. વૈશાખે. ૭
જેઠમાસે જુવો જુગતી કરી, હરીનો ખેલ અપાર;
ચર્મ ચક્ષુને મારી કરી, કરાવ્યો દેવમાં વીહાર. જેઠમાસે. ૮
અષાડ માસે આવી કરી, બેઠા અનભે સુન્ય માંય;
કાળ ક્રોધના તાર તોડીયા, મન સ્થીર કર્યું માહારાજ. અષાડ. ૯

શ્રાવણ માસે શ્રવણ કર્યું, રવીગુરૂ ભાણુનું જ્ઞાન;
એકવી હજાર છસેં ઉપરે, નીજ નામકો નાવ. શ્રાવણુ. ૧૦
ભાદરવે ભરપુર ભર્યાં, સમુદ્રરે અપાર;
નવસેં નદીયોનાં નીર આવીયાં, આવ્યાં દલ દરીયા માંય. ભા. ૧૧
આસોએ આશા પુરણુ કરી, મળ્યા મુરસદ સાર;
અસાર અવગુણ કાઢીયોં, દરશાવ્યો નીજ દેદાર. આસો. ૧૨
અધીક માસે આવીયા, અદ્વૈતથી દ્વૈત કહેવાય;
શેરખીમાં સ્વસ્થાન છે, ગુરૂ મળ્યા રાધીકાદાસ. અધીક. ૧૩
તેર મહીના પુરણુ થયા, ગાવે સુણે નર ને નાર:
આશા પુરે તેમની, ગુણુગાવે કાશીરામ. તેરમહીના. ૧૪

રાગ ૨. મહીના.

કે કારતકે કરતા વસે કાયા, મેલો તમે મન થકી માયા;
ફેરા તમે ઘણા ઘણા ખાયા, કે કારતકે. ૧
કે માગશરે મહા મંગળ રૂપ જોયું, કે ઝટપટ જીવપણું ખોયું;
કે મન મારૂ મોહનજીમાં મોહ્યું, કે માગશરે. ૨
કે પોસેતો પરાપાર પરખો, કે રવી શશી પાર જોતે નીરખો;
કે અનુભવ આનંદ રૂપ દરસ્યો, કે પોસેતો. ૩
કે માહા માસે મહા અદ્વૈત રૂપ સ્વામી, કે સબ ઘટ રમતા અંતરજામી;
કે સતગુરૂ મળ્યા તેને નવ રહી ખામી, કે મહા માસે. ૪
કે ફાગણુ માસે ફુલ્યા શું ફરતા, કે સ્મરણ સાહેબનું નવ કરતા;
કે વારંવાર ફેરા તમે ફરતા, કે ફાગણુ માસે. ૫
કે ચૈતરે ચૈતન બોલે દેખો, કે ત્રવેણી ટંકશાળ પડે પેખો;
કે મારો તમે કર્મપર મેખો, કે ચૈતરે. ૬

કે વૈશાખે વરણાગી બહુ કરતા, કે માથે છોગાં મેલી ફરતા;
કે હરી સ્મરણ વીના ટીચાઇ મરતા, કે વૈશાખે. ૭
કે જેઠે તો જઠરામાં કબુલત કીધી, કે બાહેર આવી તે વાત મુખ-
થી ન લીધી;
કે મળ્યો મનુષાદેહી એકે વાત નવ સીધી, કે જેઠે તો. ૮
કે અષાડે તો અનહદ વાજાં વાગે, કે સર્વે મણકા પરોવ્યા સો-
હંગ ધાગે;
કે સુરજ ઉગ્યા વીના તીમર નવ ત્યાગે, કે અષાડે તો. ૯
કે શ્રાવણે તો સોહંસોહં જપીએ, કે હરી સ્મરણ વીના મુર-
ખમાં ખપીયે;
કે જુવો સીંહ સ્વરૂપ અજામાં કેમ લપીયે, કે શ્રાવણે. ૧૦
કે ભાદરવે તો ભરપુર ભરીયા, કે અનુભવ જ્ઞાનતણા દરીયા;
કે મુક્તી મોતી સાચુ જુવો રળીયા, કે ભાદરવે. ૧૧
કે આસોએ આનંદ કરો હેલી, કે સતગુરૂને મળો મરજાદ મેલી;
કે કાશીરામ વાત કહું છેલી, કે આસોએ. ૧૨

પદ ૩. મહીના.

કે કારતકે કાળની નોબત ગાજે; કે રાજનું પલમાં કરે છાજે;
કે મોટા મોટા મુકી ગયા રાજે, કે કારતકે. ૧
કે માગશરે મન મારૂ મળીયું, કે જેમ નીમક નીધીમાં ભળીયું;
કે રામ નામ સાચું જુવો રળીયું, કે માગશરે. ૨
કે પોસે તો પરમાત્મા નીરખો, કે જેના વડે ચાલે આ ચરખો;
કે એને તમે સતગુરૂ પ્રતાપે નીરખો, કે પોસે તો. ૩
કે મહા માસે મહા મોરલી વાગી, કે ઝબકી જોવા સુરતા સુનમાં જાગી
કે મળ્યા સતગુરૂને ભ્રાન્તી ભાગી, કે મહામાસે. ૪

કે ફાગણુ માસે ફુલ્યો સોભાભારી, કે નુરત સુરત દોનુ જુવો ન્યાળી;
કે ચોપટ જુવો અરધ ઉરધ ઢાળી, કે ફાગણુ માસે. ૫
કે ચૈતરે ચૈતન સ્વરૂપ જોયું, કે અવીદ્યા અજ્ઞાન તીમર ખોયું;
કે મન મારૂ હરજીમાં મોહ્યું, કે ચૈતરે. ૬
કે વૈશાખે વેદમાં કહ્યું કથી, કે ભક્તી વીના જ્ઞાન જુવો નથી;
કે જ્ઞાન વીના મુક્તી પદ ક્યાંથી, કે વૈશાખે. ૭
કે જેઠેતો જુગલ જોડે ચાલે, કે એની વચે રામ નામ બ્રહ્મ ધાલે;
કે પછી જુવો અમરાપુરમાં મહાલે, કે જેઠેતો. ૮
કે અષાડે તો આવે ને જાવે, કે મીથ્યા ફેરા શા માટે ખાવે;
કે ગોવિંદ ભજો તમે ભાવે, કે અષાડે તો. ૯
કે શ્રાવણે શોભા બની સારી, કે પાંચ પચીસ નાઠા બોધ બંધુકભાળી;
કે આતમ ઓળખો મન મનસુબાને મારી, કે શ્રાવણે. ૧૦
કે ભાદરવેતો ભવદુઃખ નાખ્યાં વામી, કે અનુભવ અંગ રહ્યો જામી;
કે સતગુરૂ મળીયા નવ રહી ખામી, કે ભાદરવે. ૧૧
કે આસોયે અખંડ વરશું વરીએ, કે ફેરા હવે સીદ જુવો ફરીયે;
કે સતગુરૂ ધ્યાન હૃદયે ધરીએ, કે આસોયે. ૧૨
કે અધીક માસેતો અધીક દયાકીધી, કે અરજી મારી ઉરમાંતો લીધી;
કે કાશીરામ કહે સતગુરૂ પ્રતાપે વાત સર્વ સીધી, કે અધીક. ૧૩

પદ ૧. કક્કો.

કક્કા કાંન ખુલ્લાજ કરો, જે વાત કહીએ તે રૂદીયે ધરો;
મુનષાદેહીનો આવ્યો છે દાવ, માટે લેતું આતમ લાહાવ.
સમજી મનનો નીગ્રહ કરો, સતગુરૂ વચન રૂદીયામાં ધરો. ૧

ઝુલણા કક્કો.

કક્કા કર્મ ધર્મના ફેરમાં પડ્યા, રસ્તો છોડી કુરસ્તે ચઢનેકા;
શાણા જનતો સમજે ખરા, મુરખ કાન નવ ધરનેકા.
સ્વપના રૂપતો સંસાર હે, હરી ભજન વીના મરનેકા;
કાશીરામ કહે ચૈતન ગુરૂ મીલે, પારસે લોહા હીમ થાવનેકા. ૨
ખખ્ખા ખટચક્ર ખોજે જેહ, અને વસ્તુ ગતી પામે તેહ;
સતગુરૂ વીના સંશય નહીં જાય, જેમ આંધળો દળે ને કુતરાં ખાય.
માટે મનને ખચીતજ કરો, સતગુરૂ સ્મરણ હૃદયે ધરો. ૩
ખખ્ખા ખેલ ખોટા દીસે, વંઝા સુમન તો જાવનેકા;
ઠુઠેકા ચોરકો ડર પાયો, રેતનકા નીરમાં નાહાવનેકા.
સ્વપનામાં વૈતરાને રાજ મીલ્યા, જાગ્યા તબ બોજા ઉઠાવનેકા;
કાશીરામ કહે દહીંમાં ઘૃત છુપ રહ્યા, તેમ જગત બીચ ચૈતન ભાસનેકા. ૪
ગગા જ્ઞાની ગુરૂજો મળે, તો અજ્ઞાન અવીદ્યા અળગી ટળે;
જ્ઞાન ગંગાજળ તો પીએ જઇ, તો આવવા જવાનો ફેરો નહી.
ગોવસ વીનાતો ખાવે સૌ ગોથાં, અને ગોવસ વીના વાંચે સૌ મીથ્યા પોથાં. ૫
ગગા ગ્રહી નીસરણી જ્ઞાન, ચઢે મહેલ નીજ દેરાતો આવનેકા,
પાંચ ભુતકા બંગલા મીથ્યા માની કાય, જ્ઞાન ચૈતન છે હરી સમજે સર્વે દુખ જાવનેકા;
પ્રોક્ષ વાત કહે સર્વે, અનુભવ વીના નહી જાણનેકા,
કાશીરામ સતગુરૂ વીના, વારંવાર દુખતો પાવનેકા. ૬
ઘઘા ઘાટ અઘાટજ હરી, અને સતગુરૂ મળ્યા તેણે નીશ્ચે કરી,
અભ્યાસથી વાઘ અજા ભેળો જાવે જેહ, એમ સસાએ સીંહને માર્યો તેહ;

માટે મુમુક્ષુનો કરજો સાથ, વારી વલોવે નવ આવે કશુ હાથ. ૪
ધધા ઘટ અનેક ફુટી જાશે, આકાશતો અખંડ માનનેકા,
સ્વયં પ્રકાશ છે સ્વસ્વરૂપ, ઉત્પત્તિ પ્રલય નહી થાવનેકા;
વેદકા ભેદતો નહી પાયો, પુરાણુકા પાર નહી આવનેકા,
કાશીરામ સતગુરૂ જો મીલે, તો નહી આવે નહી જાવનેકા. ૭
નના નવ વ્યાકરણુ ને વેદ, તેનો સમજે જો મનમાં ભેદ,
ઘણું કહેતો શું થાય, ભવ તરવાનો એ ઉપાય;
કાળ ચવાણુ જગત છે જેહ, જેમ ધંટીએ કણુ દળાયછે તેહ. ૮
નના નીષ્કામથી પુરષાર્થ થાય, અંતઃકરણુના મળ દુર જાવનેકા;
ભેદ જાણ્યા વીના ભ્રાન્તી ભાગે નહી, સત જાણ્યા વીના તો
સુખ નહી આવનેકા;
મુનષાદેહી તો તુંને પારસ મળાયો, ઓળખ્યા વીના તો અ-
થડાવનેકા;
કાશીરામ કહે સતગુરૂ સેવો, તો નીષ્કામથી સુદ્ધ ચીત થાવનેકા. ૯
ચચા ચૈતન્ય છે કાયામાં નેક, તેની ધરો અંતરમાં ટેક,
જેમ કસ્તુરી મૃગ તનમાંય, પણુ સતગુરૂ વીના સુજે ન કાંય;
દધીમાં ઘી જેહ, પણુ મથન કર્યા વિનાતો પામે નહી તેહ. ૧૦
ચચા ચારવેદ ખટશાસ્ત્ર તપાસો, સર્વમાં સોહં સત બતાવનેકા,
વીવેક માર્ગ સીધો ઝાલી, જ્ઞાનકી સીઢીએતો ચઢનેકા;
મમત્વ મારી સંદેહ નીવારી, માહા સુખતો દરસાવનેકા;
કાશીરામ કહે સતગુરૂ જો મળે, તો ફેર જન્મ નહી પાવનેકા. ૧૧
છછા છસેં એકવીહજાર તો જાપ, જો સમરેતો પ્રગટ ઉઠે આપ.
અનેક શાસ્ત્રની છે એ શાખ, રૂદે વીચારીતો નીશ્ચે રાખ;
સુરસર્વ માથે કરજછે જેહ, અને નીર્ગુણુ નીર્લેપન કર્યાછે તેહ. ૧૨

છછા છોગાં શીરપરતો ધરે, પાઘડી વાંકી મૂકી ચાલનેકા.
શોભાકીતો શોભા ખુબ બની, મુછ પરતો તાર લગાવનેકા.
નથી જાણુતો આતો કાળનો ચારો, જેમ તેતરકું બાજ ભગાવનેકા;
કાશીરામ કહે ચતુરનર ચેતબંદા, સ્વપ્નાકા સુખતો જગાનેકા. ૧૩
જજા જીવનો શીવજ થાય, જેમ નીચ નીરનો ગંગામાં જાય;
સંશય ક્રોધને જાવેતો કામ, તો રીઝે સતગુરૂ રવીરામ;
સ્થીર થઇ સમજે મનતો શાન્ત કરી, તો હેતથી જઇ વરો સત
ગુરૂ હરી. ૧૪
જજા જમકા તો ભય ટળે, ગુરૂ જ્ઞાની જો કોઇ મીલનેકા;
અહં મમતાકુ છોડ પ્યારે, પ્રભુ ચરણે ચીતતો લાવનેકા.
અનંત ભાવના છોડકે, ભક્તીરૂપ હરીતો પાવનેકા;
જ્યાં ભાવનાછે ત્યાંછે હરી, કાશીરામ સર્વેરૂપ હરી જાણુનેકા. ૧૫
ઝઝા ઝાંજવાનાં નીર લેવા જાય, ત્યાં જઇ ઉલટો દુખીયો થાય,
દેખાદેખી જે જન કરે, તેતો અમથો ટીચાઈ મરે.
ફોગટ ફંદમાં ફસાઈ શીદને મરો, માટે સતગુરૂ સતસંગ જઇને કરો
ઝઝા ઝવેરી સાચોતો મળે, તો તત્વ નંગની ખબર પડનેકા. ૧૬
પાંચ તત્વ પર તો સાચો નંગ, જ્ઞાની પુરૂષને રંગ ચઢનેકા;
જપ તપ તીર્થતો કાચ મણી, સાચો મણી સતસંગ વીના
નહી પાવનેકા;
કાશીરામ કહે સેવો સતગુરૂને, આ અવસર નહી ફીર આવનેકા. ૧૭
ટટા ટેક વીના નહી થાવે કામ, અને ટેક વીના નવ રીઝે રામ,
કનક કામનીનો સંગ નવ કરે, તે જન લખ ચોરાશી નવ ફરે;
પચીસ પાંચતો હોવે વશ્ય, સતગુરૂ મીલે તો કોઇ નવ કહેવે ખશ્ય.૧૮
ટટા ટેક અંતરમાં ધાર્ય, પાંચ પચીસકું તો નીશ્ચે મારનેકા;

કરીલે સમરણ તો સાચું, આ અવસરતો જાવનેકા,
હજુ સમજે નહી ગમાર, મનનો પારતો નહી આવનેકા;
કાશીરામ કહે મન જીત્યા વીના, ભવ પ્રવાહમાં તો જાવનેકા. ૧૯
ઠઠા ઠામ ઠામ તો દેખ્યા હરી, એ વાતતો નકીજ કરી,
રજ્જુ સર્પ તો દેખાય છે જેમ, બીજુ સઘળું મીથ્યા છે તેમ;
ભેખ ધરે જો સીધજ થાય, તો ભાંડ ભવૈયા વૈકુંઠ જાય. ૨૦
ઠઠા ઠુંઠેકા ચોરકો ભય સબ પાવે, મીથ્યા સંસારતો ધારનેકા;
જ્ઞાનખડગ તો કરમાં લેઇને, પાંચ પચીસકું તો હઠાવનેકા,
સંશય શોક મનના મટી જાવે, ભયરહીત મનતો હોઇ જાવનેકા;
કાશીરામ કહે સતગુરૂ મળે તો, અમર પદ તો પાવનેકા. ૨૧
ડડા ડંડે કરજો ધાવ, ફરી ફરી નહી આવે આવો દાવ,
શ્રવણ મનન નીદીધ્યાસન જો કરે, તો નીરભે સુરતા સુનમાં ફરે;
આ વાતનો તો લેજ્યો ભેદ, ને સતગુરૂ મુખથી તો ભણજો વેદ.૨૨
ડડા ડાપણ છોડદે બંદા, તારૂં ધાર્યું તો નહી થાવનેકા;
ઘટ ઘટમાં રચના તો રમી રહ્યા, હુન્નરી જેમ હુન્નનર તો પાવનેકા.
દેહનો ગુમાન કરે નર મુરખ, તેથી દુખતો આવનેકા;
કાશીરામ કહે સતગુરૂ મીલે તો, અજ્ઞાન અંધેરા જાવનેકા. ૨૩
ઢઢા ઢચુ પચુ મનમાં નવ કરો, પ્રીતી વીષયથી પાછી પરહરો;
સદા કાળ શુભ કર્મજ કરવું, અશુભ વચન હદે નવ ધરવું.
અવિદ્યા ચીદાભ્યાસ માયામાં તેહ, અધીષ્ટાંન ઉતશીવપદ તેહ. ૨૪
ઢઢા ઢીલ કરશો નહી, કાલ દેકર બાહાર તો આવનેકા;
તે અવસર તો ગયા વીસરી, તો પાછળથી પસ્તાવનેકા.
શ્રવણ મનન નીદીધ્યાસન કરો, તો જ્ઞાનભાનું ઉદે થાવનેકા;
કાશીરામ કહે સતગુરૂ વીના, વારંવારતો દુઃખ પાવનેકા. ૨૫

યુધ્ધ રણમાં રણતુર, હથીયાર બાંધે કોઇ પુરા સુર;
ચુકે નહીં નીશાંન તો નવ મુકે, જેમ ગજને દેખી સ્વાંન બહુ ભુંકે;
જોતી રૂપ આદી કહાવે, શબ્દાતીત ગુરૂગમ તે પાવે. ૨૬
જુણા રણ ચોરાશી તણું, એનો પારતો નહી આવનેકા;
વીષય સુખમાં તો મોહ્યો પ્રાણી, અંતે તો દુઃખ પાવનેકા. ૨૭
માટે ગુણ ગાઇ લ્યે ગોવિંદના, અમર પદમાં તો સમાવનેકા;
કાશીરામ કહે કરો સતસંગત, યે અવસર તો જાવનેકા. ૨૮
તતા તું હું કરશો નહી કોઇ જેહ, જીવ શીવ દોનું નહી જુવો તેહ,
જીવન મુક્ત જગતમાં જેહ, મટયો જગતથી ભાવતો તેહ;
બહીરંગ સાધન નવ કરવું જેહ, મળ્યો છે મોંઘો મુનસાદેહી તેહ.૨૯
તતા ત્વંપદ તતપદ જાંણે, અશીપદમાં તો ચીત ધરનેકા;
સ્વયંપ્રકાશ સ્વરૂપ હરીનું, સ્વાસોસ્વાસ સમરણ કરનેકા.
ઘટમટ મઠકે પાર, આકાશ તો સળંગ દેખાવનેકા;
કાશીરામ કહે આવો અવસર નહી મળે, પાછળથી પસ્તાવનેકા.૩૦
થથા આસન કરવું સ્થીર, વાચ કાછ વશ રાખે વીર,
પંચ વીષયથી પાંચ પશુ હોવે તો નાશ, માટે ઉનકી છોડો સર્વે આસ;
ભીંન સબહી તે સબકે માંહી, આવરણથી એ દીસત નાંહી. ૩૧
થથા સ્થુળ નહી સુક્ષ્મ નહી, કારણ કે પારતો જાવનેકા;
વૈરાટ નહી તેજસ નહી, સુત્ર આત્મા તો પાવનેકા.
જેમ તંતુનું પટતો થાય, તેમ તત્ત્વનું જગત તો દરસાવનેકા;
કાશીરામ કહે આ વાતછે ખરી, સતગુરૂ મીલેતો જ્ઞાન આવનેકા. ૩૨
દદા દેહ કાચી છે મઢી, પાંચ તત્વથી દીસે છે તો જડી;
કાચો રંગ રહેવાનો નથી, વારંવાર કહું શું હું કથી.
થીર નવ રહે મુની માનવને દેવ, માટે કરલે તું સતગુરૂની સેવ.૩૩

દદા દેહ કાચી બની, ઘડી પલકમાં તો ધુળમાં મીલ જાવનેકા;
હાંથે કર્યા વીના સાથે નહી આવે, સર્વ તો અહીં રહી જાવનેકા.
છાશ કહીયે દુધ જેવી મીઠી, પણુ દુધકા સ્વાદ નહી આવનેકા;
કાશીરામ કહે સતસંગ વીના, તો સર્વે દુઃખ પાવનેકા. ૩૪
ધધા ધ્યાન ધરો ધોરીંધર ધણી, ગુરૂએ બતાવ્યો છે સાચો મણી,
ધણી સૌનો એકજ જેહ, સઘટ બોલે તેનો તેહ;
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નરતો ખાશે માર. ૩૫
ધધા ધનમાં ધન આતમ ધન, લાભ તો લેવનેકા;
લાભ લેવા સર્વે આવ્યા, ખોટ ખરી શીદ ખાવનેકા.
મુનષાદેહી મોંઘો મણી, હરી ભજન વીના તો જાવનેકા;
કાશીરામ કહે લવ સતસંગ કર, તપથી અધીક ફળ પાવનેકા. ૩૬
નના નીર્ગુણ બ્રહ્મછે હરી, સીરગુણ છે સંત એ વાત નકી તો કરી,
રામનામ કલ્પતરૂ કળયુગમાં છે જેહ, ભાવ વીના તો ભક્તી કરે ફાંફાં મારે તેહ;
આસા તૃષ્ણા દો ડાકેણ વળગી જાંણુ, હરી ભજનમાં આવતાં કરે ખેંચાતાંણ્ય. ૩૭
નના નીર્ગુણ સીરગુણ હરી, સમરણ તો કરનેકા;
ગુરૂ વીના જે નુગરા પ્રાણી, ભવપાર નહી પડનેકા.
મમો ઇચ્છા સર્વે નાસ્તી, ઇશ્વર ઇચ્છા થાવનેકા;
કાશીરામ કહે સતગુરૂ સેવો, પણ હજુ તો નહી માનનેકા. ૩૮
પપા પરાથી આવ્યા જેહ, નાભીયે મુકામ કીધો તેહ;
કંઠમાં આવી ઘડા તો ઘાટ, અને વૈરી વેરે ઘાટ અઘાટ.
પ્રભુ પરાની પાર છે જેહ, અને માપ અમાપ અસંગ છે તેહ.૩૯
પપા પાંચ તત્વપર પરખો, સોહંગતો ચરખો ચલાવનેકા;
એકવી હજાર છસેં અજંપા, સર્વે સુરતો જપાવનેકા.

આ અવસર તો અમુલખ આવ્યો, હરી ભજો ભવપાર પડનેકા;
કાશીરામ કહે સતગુરૂ સેવો, નીકર જમના ડંડ જડનેકા. ૪૦
ફફા ફોગટ શું ફુલ્યો ફરે, સચેત થઇ હરી સમરણ નવ કરે,
જઠરામાં જાળવ્યો છે જેહ, શા માટે નથી સમરતો તેહ;
આવેલો સીદને ખુવે છે દાવ, ને મીથ્યા બકતો જેમ ફાલુ કરે ફાવ. ૪૧
ફફા ફોગટ કરે સંસારનો ફંદ, એમાં નહી તો ફસાવનેકા;
ફુલ્યા ફુલ્યા તો શું ફરે, ભજન નહી તો કરનેકા.
આ અમુલખ મનુષ્યદેહી આવ્યો, ફેર નહી આવનેકા;
કાશીરામ કહે સતગુરૂને સેવો, તો જન્મ મરણ ફેરા મીટાવનેકા.૪૨
બબા બાવન ક્ષર અક્ષર ખરા, જેણે જાણ્યા તે જીવનમુક્ત નરા;
અમુલખ મોંઘો મુનષાદેહ મળી, તે સમજણ વીના ધુળમાં જાશે ઢળી,
જેમ ઘુવડ ના દેખે ભાણ, એમ અજ્ઞાનીની જુઠી વાંણ. ૪૨
બબા બહુ વીધી વાણી વંટોળાયા, અનેક જીવ ઉડી જાવનેકા;
વેદકાતો ભેદ જાણ્યા નહી, સતગુરૂ વીનાતો લખચોરાશી પાવનેકા.
ઓહંગ સોહંગ બીચે રટોરટના, ત્રવેણી તારતો મીલાવનેકા;
કાશીરામ કહે સતગુરૂ મીલ્યાતો, પરંપદતો પાત્રનેકા. ૪૩
ભભા ભે ભારી કાળનો તો ખરો, જો સમરણ કરોતો થાવેપરો;
કાળ તણા કાકા છો તમે, જેની સુરતા તો સુનમાં રમે.
કાયામાં કાયં વસેછે જેહ, પણ સતગુરૂ વીના નહી પાવે તેહ. ૪૪
ભભા ભારે ભેદ ગુરૂ દેવનો, રામ કૃષ્ણ શીવતો સેવનેકા;
ગુરૂ કીરપામાં મોક્ષકે વાસ, ચાર પદાર્થતો મીલનેકાં.
ગોવિંદસે ગુરૂ અધીક, જુવો ગોવિંદ તો સ્મરણ કરનેકા;
કાશીરામ કહે ગુરૂકા દ્રોહી સબકાદ્રોહી, કોઇ જગ્યા પર નહી
ઠરનેકા. ૪૫

મમા મનમાં કહ્યું છે જેહ, વીષય ડાગે તો અફળાય છે તેહ,
મન મુવાતો મોક્ષ હોય, બાકી લેવા દેવા ન હોય.
મુવા પછી મોક્ષ કહેતા જેહ, અને તેનો સંગતો તજવો તેહ.૪૬
મમા માયા મુળમાં મુળગી નથી, કલ્પીત તેનું સ્વરૂપ દેખાવનેકા,
મૃગ તૃષ્ણા જળ તો પીવા જેહ જાવે, દોડી દોડી થાકી દુખ તો આવનેકા;
આઠકા દેખો આ ઠાઠ બન્યા, નામ રૂપતો મીથ્યા દેખાવનેકા;
કાશીરામ સતગુરૂ મીલ્યા તો ફેર દુખ નહી આવનેકા. ૪૭
યયા યરને ચટકું લાગ્યું તો ખરૂં, મુળસ્વરૂપ તો કીધું પરૂ,
પારસ સ્પર્સતાં લોહાનું હીંમ થાવે જેહ, એમ અવીદ્યા ગ્રંથી છુટે તેહ;
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તેતો ગંગા સરખું થઇને ફરે.૪૮
યયા યાર તમને કહું છું ખરૂં, સતગુરૂ સ્મરણ તો કરનેકા;
કહેતા સો કરતા નહી, એતો મોંઢાકે લબાડ ગણનેકા.
મુનષાદેહી તો હીરો મળ્યો, મુખસેં રામ નામ ભણનેકા;
કાશીરામ કહે સતગુરૂ સેવો એ લાભ, બીજા તો અલાભ ગણ-નેકા. ૪૯
રરા રરંકાર રત્નીકારૂપ, દીઠા અણુલીંગી અખંડ સ્વરૂપ,
જપતપ તીર્થ કાચ મણી જાણો જેહ, સાચોમણી સતસંગતતેહ
ભાષા ભણીને બનીયા ભુર, ઉલટું પેટચોળીને ઉપજાવ્યું શૂળ.૫૦
રામ રટે શબ્દ ભેદ મનકા મટે, કોટીક જન્મનું પાપ કટાવનેકા;
મીથ્યા અસાર સંસાર છે, સમજીને સુખીયા તો થાવનેકા;
કાશીરામ કહે સ્વયંપ્રકાશ સ્વરૂપ જાણો, પાંચ પચીસ કે પાર વીચરનેકા. ૫૧

ચલા લોહોલીન રહ્યા છે જેહ, પાણીમાં પ્યાલો પ્યાલામાં પાણી
તેહ,
કાષ્ટ અગ્નીને અડકે જેમ, અગ્ની રૂપતો થઇ જાવે તેમ,
માટે સતસંગ કરવો ખરો, શા માટે ફેરા તમે ફરો. ૫૨
લલા લત તું સતસંગ કર, દેહ ધર્યાનું ફળતો મીલનેકા;
માલ ખજાના સર્વે રેહેશે, સંગ કછુ નહી આવનેકા.
કાશીરામ કહે સતગુરૂ સેવો તો, મીઠા મેવા મીલનેકા. ૫૩
વવા વેદમાં કહ્યું છે કથી, ને જ્ઞાન વીનાતો મુક્તી નથી,
પેટનાં પુરાણ વાંચે છે સૌ, હાવે વારંવાર તો કેટલું કહું,
જ્ઞાની ગુરૂ તો કરશે જેહ, નક્કી ભવસાગર તરશે તેહ. ૫૪
વવા વીવેક વીના તો સાધન કરે, તેથી ત્રીવીધી તાપ નહી
જાવનેકા.
બુદ્ધી ભાનુ તો ઉદે થાવે, ફેર અજ્ઞાન તીમરતો નહી આવનેકા;
જીવશીવ તો હે નહી, કલ્પીતતો સ્વપના પાવનેકા. ૫૫
તેરે ચેતના હોય તો ચેત બંદા, સતસંગ વીના કાશીરામ કહે
ગોથાં ખાવનેકા.
શશા સુનમાં સાંકડી શેરી, વાંતો મઢી બનાવી છે મેરી;
અરધ ઉરધ બીચ આસન કરવું, અંતર ધ્યાન સતગુરૂનું ધરવું.
પાંચ તત્વને છઠા ધણી, ને સતગુરૂએ બતાવ્યો સાચો મણી. ૫૬
શશાં શા વાસ્તે દેશમાં મરે દોડી, કર્મ વીના નવ મળે કોડી ટી-
ચાઇ મરનેકા;
જે હોનાર છે તે હોતહે, જુવો રાજ મુકી રામતો વન જાવનેકા.
જુવો મૃત્યુ લેઈ જાતો હતો ચંદ્રહાસ, મૃત્યું તો રહ્યું ને પર-
ણાવનેકા;

કાશીરામ કહે અકળ કળા સતગુરૂની, હરી ભજન વીના દુઃખ
આવનેકા. ૫૭

ઘણા સાહેબ તો સઘળે સમે, ઓહંગ સોહંગ બીચમાં રમે,
જેમ બીજમાં વૃક્ષ છે જેહ, ને વૃક્ષમાં બીજ છે તેહ;
માટે સતગુરૂ સમરો તમો, શા માટે મીથ્યા દેહીને દમો. ૫૮

ઘણા સમુદ્ર મોતીતો નીપજે, મરજીવા જુવો લાવનેકા;
મોરીંગ વીંટાયે ચંદનતરૂ, મુખમાંથી ઝેરતો નહી જાવનેકા.
ભમર જાવે કેતકી કુલપર, કાંટાથી પાંખો તો પીંખાવનેકા;
જુવો ચકર મારકે ફેરજાવે, એસા પ્રેમતો લાવનેકા. ૫૯

શક્ષા સાચા સતગુરૂ જો મળે, તો જેમ નીમક નોધીમાં ભળે,
સૌ ગજ શીર મોતી નવ નીપજે તેહ, ચંદન તરૂવન વન નવ
હોવે જેહ.;
સાધનકી જમાત નવ હોવે જેમ, પ્રતિવૃતા પુરપુરના હોવે તેમ. ૬૦

ચસા સુગરીયે સમજણુ દીયા મર્કટકુ, મારી કાળ તોડી પાડે કુ-
વામાં દુઃખતો પાવનેકા,
જુક્તીસે પરમોદીયે, અગકા હંશ નહી થાવનેકા;
સો કાગોકે બીચ કોયેલકુ, ચુપ તો હોજાવનેકા. ૬૧

કાશીરામ કહે સતગુરૂને સેવો, તો જન્મમરણુ દુઃખ મીટાવનેકા;
હહા હરી રહ્યા ભરપુર, જ્યાં જોવું ત્યાં દેખું હાલ હજુર.
હરી વડે હાલે ચાલે જેહ, ને હરી વીના નવ રહે આ દેહ;
હરી હીરો સતગુરૂ હાટેથી મળે, જેમ સરીતા સીંધુમાં જઇ
ભળે. ૬૨

હહા હુંકરૂં હુંકરૂં કરી રહ્યો, તારૂં ધાર્યું નહી થાવનેકા;
સર્વે પ્રાણીનું ધાર્યુંથાતુ હોતતો, સુખ મેલી દુઃખ નહી પાવનેકા.
ગયંદ ખાવે કોઠું ગોટો નત્ર રહે, નાળીયેરમાં નીરતો આવનેકા;
કાશીરામ કહે હુંકરૂં હુંકરૂં, તેથીતો દુઃખ પાવનેકા. ૬૩

ળળા અળશીયાનો દીઠો સાપ, તેણેતો તું બીન્યો છું આપ,
જુવો મોરીંગને માથે છે મણી, તે લેવાની મુશ્કેલી ઘણી;
ભક્તી નથી પોપાંબાઇની જેહ, મરજીવા તો મોતી લાવે તેહ. ૬૪

ળળા અજાણે અગડાઇ મરો, ફેર મુનષાદેહી નહી પાવનેકા;
હુઠાકા ચોર દેખી ડરતાહે, દેખ બીંન નહીભંડશે જાલંકર થાવનેકા.
રાજકુંવર હોકે રાંકમાં રોળાતહે, જેમ સીંહ અજામાં જાવનેકા;
કાશીરામ સતગુરૂ મીલ્ર રહે, તો અમર પદ પાવનેકા. ૬૫

ક્ષક્ષા ક્ષર અક્ષર સમજે જેહ, તેતો રમે દેહ વીદેહજ તેહ,
ઉચરતાં અક્ષર પડતા જેહ, ને અક્ષર મીક્ષકે નામ હોવે તેહ;
નામી અનામી આપે હરી, જો જુવે જન પાછો ફરી. ૬૬

ક્ષક્ષા ક્ષર અક્ષરથી વસ્તુ, પાર ધારનેકા;
ક્ષર નામ માયાનું ધર્યું, ને અક્ષર નામ ઈશ્વરકા માનનેકા.
ક્ષાર જુવો સમુદ્રકા જળ, વાદળ દ્વારા મીઠા થાવનેકા;
કાશીરામ સતગુરૂ સેવો તો, પરંપદ પાવનેકા. ૬૭

જ્ઞજ્ઞા જ્ઞાતા જ્ઞાનને જ્ઞે પણ નહી, જ્યાં જોવું ત્યાં હરીજ હોઇ,
પુન ફરી અમરાપર જાય, અંતે પાછો ફોગટ ફેરો થાય;
નીષ્કામ ભક્તી કરશે જેહ, કાશીરામ કહે ભવસાગર તરશે તેહ. ૬૮

જ્ઞજ્ઞા જ્ઞાતા જ્ઞાનને જ્ઞેપણ નહી, જડ ચૈતનકી ભ્રાંન્તી જાવનેકા;
જ્ઞાન વીના જે પ્રાણી રહેવે, જગતમાં ગોથાં ખાવનેકા.

જ્ઞાન વીના ઈંદ્ર ગૌતમ ઘેર જાવે, જ્ઞાન વીના ચંદ્ર કુકડો થાવનેકા;
કાશીરામ કહે જ્ઞાની ગુરૂ સેવો, તો ફેર જન્મ નહિ આવનેકા. ૬૯
અઆ આતમ રમે સબઘટ, જેમ તંતુનું બન્યું છે પટ;
ઘટમઠ પટકે પાર છે હરી, જેમ બાજીગરે તો બાજી ધરી;
વંઝા પુત્ર ગયંદ ચઢી તો જાય, તેને તો જોવાને સર્વે ધાય. ૭૦
અઆ અવસ્થાતીત પરખો, સોહં સ્વરૂપનો સબઘટ રમનેકા;
ગોવસ્ય વીના તો જ્ઞાન ના થાય, જ્ઞાન વીના તો ગોવિંદ નહી ગમનેકા.
કાયા કાચી કાચો કુંભ, ઘડી પલકમાં ફુટ જાવનેકા;
કાશીરામ કહે સતગુરૂ વીના, જ્ઞાન અંતરમાં નહી આવનેકા. ૭૧
ઇ ઈંગલા પીંગલા સુષ્મણા સંગ, નાલા તખ્ત ત્રવેણી ગંગ,
પુરક કુંભકને રેચક કરે, પણ સતગુરૂ વીના કારજ નવ સરે;
જો સમજો સાક્ષાત્કાર પ્રીતે કરી, નીદીધ્યાસન ધાર બ્રહ્મ સુખ
પાવે હરી. ૭૨

ઇ ઇરસ્યામાં ન બડાઇ એહ, તજવાં દુર્લભ તો જાણનેકા;
મન રાજા તો યુદ્ધે ચઢયો, ફોજ આવી તો ધારનેકા,
સંતસમાગમ હથીયાર સાચુ, અવીદ્યાકું તો મારનેકા:
કાશીરામ કહેઅભીમાન માર્યું તન, દ્વૈત ફોજ હઠાવીને મનતો
બ્રહ્મ બની જાવનેકા. ૭૩

ઉ ઉરમી અવસ્થાતીત, અક્ષરાતીત બ્રહ્મકું ચીન્ય,
મુંગો શું વદે સાકરનો સ્વાદ, ગધાને સાકર એતો ઉલટો કવાથ;
શબ્દ બંધથી બંધાયો જીવ, બંધ છુટે તો થાવે શીવ. ૭૪
ઉ ઉરધ અરધ આસન કરકે, મનવા માહારસ પીવનેકા,
વચનમાં બંધ મોક્ષ તો રહ્યા, વચનમાં સુખદુખ આવનેકા;

શબ્દ બોલે તેનો સમજે સાર, તો ભવનો પાર તો આવનેકા. ૭૫

કાશીરામ કહે સતગુરૂને સેવો, તો જન્મમરણ સબ મીટ જાવનેકા,
રૂ રૂચી શબ્દ સૌને ગમે, વીષય વાસનામાં ચીત ભમે.
સ્થુલ સુક્ષ્મ જણાવીયું, કારણનો લીધો સાર;
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ, તુર્યાનો તો આવ્યો પાર. ૭૬

રૂ રૂથી હલકો તો યાચક, જુવો પવન તો એનાથી ડરનેકા;
માગ્યાથી તો મરવું ભલું, વીણમાગ્યાથી તો મેવા મીલનેકા.
જો મોત સરીખુ માગેથી નવ મળે, જો મળેતો અમર સૌ થાવનેકા
કાશીરામ કહે દીલમાં ચેત, ગોવિંદ ગોવિંદ તો ગાવનેકા. ૭૭

શ્રી શ્રી નામ શોભાકા કર્યા, શ્રી નામ ઇશ્વરકા ધર્યા,
માટે સતગુરૂ ચરણે નાવે જેહ, પ્રગટ વસ્તુ દેખાવે તેહ;
સતગુરૂ હમને મળ્યા છે આજ, કાશીરામ ગુરૂ પ્રેરકથી થર્યા છે કાજ. ૭૮

શ્રી શ્રીકાર તત્વજ્ઞાન, રામબાણ પાછું નહી ફરનેકા.
મારેગા મન મૃગા, જ્ઞાનીતો નીરભે હો જાવનેકા.
પાંચ પચીસકે પાર સ્વયં પ્રકાશ, વાંતો વૃતી ઠરાવનેકા;
કાશીરામ કહે મનપવન કેપાર, સો સતગુરૂ ધ્યાન ધરાવનેકા. ૭૯

સૌ અક્ષર તો સંપુરણ થયા છે જેહ, હરી ગુરૂ સંતે કીધી દયા તો તેહ.
સંવત ઓગણી ત્રેસટની સાલ જેહ, ભાદરવા વદી દ્વાદશીને ગુરૂવાર તેહ;
કાશીરામ કહે કર જોડી કરી, સતગુરૂએ અરજી ઉરમાં ધરી. ૮૦

ૐ

સૌ અક્ષર સંપુરણ થયા, ગુરૂ પ્રેરકથી તો ગાવનેકા.
અક્ષર અક્ષર આત્મ જ્ઞાન, જો સમજેતો પરંપદ પાવનેકા.
ફરતાં ફરતાં હરીનું ધ્યાન, તેને જપ તપ ત્રીર્થ બહુ થાવનેકા;
કાશીરામ સતગુરૂને મળતાં, અજંપા જાપ જપાવનેકા. ૮૧

સમાપ્ત.

नाम वैराग्य दश विप्रणं, कर्म वैराग्य सतानिच ॥
ज्ञान वैराग्य ममो देहि, त्याग वैराग्य ममो दुर्लभ ॥१

શ્રી ચંદ્ર સૂર્ય તત્વજ્ઞાનમય ગ્રંથ ઘણોજ ઉત્તમ ને સરળ છે. અભ્યાસથી લાભ આપે તેમ છે. એમાં સંક્રાન્તિ શંકરસરોદય, ગેબીનાથસરોદય, કબીરસરોદય, ચરણદાસ-સરોદય, જોતિષશાસ્ત્રોદય, ગુર્જર ભાષામાં ત્રિકાળ જ્ઞાન-મય છે. માટે સર્વ જનોએ શ્રવણ, મનન નિદિધ્યાસન કરવું એજ આશિર્વાદ છે. તથાસ્તુ.

ભૂલચુક દ્રષ્ટિદોષ સુધારી વાંચશો એજ આભાર માનું છું.

ઇતિ શ્રી સલોકો ચંદ્ર સૂર્ય તત્વજ્ઞાન પદ સમાપ્ત.

॥ ॐ શાન્તિ શાન્તિ શાન્તિઃ ॥